૩૨૦

આદિવાસી વિસ્તારમાં ઑઈલ એન્જીન/ઈલેકટ્રીક મોટરપંપ યોજના–મૂલ્યાંકન અભ્યાસ

અપ્રકાશિત

અહેવાલ લેખન :
અરૂણભાઈ ભા. પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪.
૧૯૯૫

૩૨૩

આભાર દર્શન

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી વિસ્તારમાં ઓઈલ એન્જીન/ઈલેક્ટ્રીક મોટરપંપ યોજના મૂલ્યાંકન અભ્યાસ કામ થાય તે બાબતે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના કાર્યપાલક નિયામકશ્રી રાણે સાહેબનું સૂચન હતું અને તે રીતે આદિજાતિ વિકાસ કમિશનર કચેરી, ગુજરાત રાજય તરફથી ધ્યાન દોરાયું હતું. સામાન્ય રીતે એવી નોંધ થઈ છે કે પિયત યોજના હેઠળ ધિરાણનો લાભ ઓછા પ્રમાણમાં મોલ છે. તો આ અંગે શું કરવું જોઈએ? કેવા પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ છે? કોને રસપર્યો છે? તેને કેવી રીતે નીવારી શકાય? અત્યારે જે તે મંડળીઓના આવા લાભાર્થીઓને શું શું ફાયદા થયા? કેટલી જમીન પિયત થાય છે? કયા કયા નવા પાક લેતા થયા? વગેરે બધી વિગતો જાણવા અહીં પ્રયત્ન કર્યો છે.

આ અભ્યાસની જવાબદારી મને સોંપી તેમજ અભ્યાસના સમગ્ર સમય-ગાળામાં મને અનેરૂ પ્રોત્સાહન તેમજ કિમતી માર્ગદર્શન પુરુ પાડનાર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના કાર્યકારી નિયામક શ્રી. આર.બી. લાલનો હું આભારી છું.

આ ક્ષેત્રને લગતી સેવા સહકારી મંડળીઓના પ્રમુખશ્રી/ મંત્રીશ્રી તેમજ કર્મચારીઓએ અને કેટલાક સ્થાનિક કાર્યકર્તાઓએ જે બધી વિગતો આપી તેઓનો, ઉપરાંત ક્ષેત્રકાર્યમાં આવરેલ આદિવાસી લાભાર્થીઓનો પણ આભાર વ્યકત કરૂ છું.

છેવટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ બનનાર જે તે તાલુકાઓના તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ કોર્પોરેશનના ઉચ્ચઅધિકારીશ્રીઓ અને નિરીક્ષકો તથા અન્ય તમામ મિત્રોનો આભારી છું.

– પટેલ ગૂણભાઇ ભાઇલાલભાઇ

અનુક્રમણિકા

પ્રકરણ નં.	વિગત	પાના નંબર
	આભાર દર્શન	
૧	પૃષ્ઠભૂમિ – આવશ્યકતા	૧ થી ૭
૨	લાભાર્થીઓનો પરિચય: આર્થિક સામાજિક	૮ થી ૩૨
૩	લાભાર્થીઓનો પરિચય: માનસિક વલણ	૩૩ થી ૪૨
૪	પ્રાપ્ત થયેલ મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ	૪૩ થી ૫૦
૫	નિષ્કર્ષ અને સુઝાવો	૫૧ થી ૬૧

પ્રકરણ – ૧

પૃષ્ઠભૂમિ – આવશ્યકતા

ગુજરાત રાજ્યની કુલ ૧૯૬.૦૨ લાખ હેક્ટર જમીનમાંથી ૧૨૫.૦૦ લાખ હેક્ટર જમીન ખેતી નીચે આવે છે. જ્યારે આદિવાસી વિસ્તારની કુલ ૨૯.૪૩ લાખ હેક્ટર જમીનમાંથી ૧૫.૫૩ લાખ હેક્ટર જમીન ખેડાણ હેઠળ છે. એટલે કે કુલ ખેડાણ હેઠળ જમીનના ૧૨.૪૨% જમીન આદિવાસી વિસ્તાર ની ગણી શકાય. ગુજરાતમાં વસતા આદિજાતિઓનો મુખ્ય ધંધો ખેતી અને ખેતમજૂરી છે. આ સિવાય પશુપાલન, જંગલ મજૂરી અને વન્ય પેદાશ એકત્રિકરણ, મત્સ્યઉદ્યોગ તેમજ કુટિર ઉદ્યોગના વ્યવસાયમાં તેઓ રોકાયેલા છે.

આદિવાસીઓના ઝડપી સર્વાંગી વિકાસ માટે આઝાદી પછી સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે જે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી છે તેના કારણે રાજ્યના ઊંડાણના વિસ્તારમા વસતા અને ઔદ્યોગિક તેમજ વૈજ્ઞાનિક પ્રગતિના લાભોથી લાંબા સમયથી વંચિત રહેલ આદિવાસીઓનો સર્વાંગી વિકાસ ઝડપથી થવા લાગ્યો છે. તેમની અર્થવ્યવસ્થા મુખ્યત્વે ખેતી આધારિત છે પરંતુ મોટાભાગના ખેડૂતો માટે ખેતી બિનઉપજાઉ છે. આ માટે ઘણાં કારણો જવાબદાર છે. ખાસ કરીને આ વિસ્તારમાં આવેલી જમીન ડુંગરાળ હોવાથી જંગલો માટે ઉપયોગી છે. ખેતી માટે અન્ય વિસ્તારોની જમીનની માફક સરખામણીમાં ઉતરતી કક્ષા ની હોય છે. તેમજ આ વિસ્તારમાં સિંચાઇ સપ્રુરતી ગયવા નહિવત છે. ઠેટલાક આદિવાસી ખેડૂતો કૂવા દ્વારા સિંચાઇ કરે છે. પરંતુ આવા કૂવાઓ ઉનાળામાં સૂકાઇ જાય છે અથવા પાણીનું તળ નીચે ઉતરી જાય છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇસીએઆર) ના એક સર્વેક્ષણ મુજબ ભારતમાં ૨/૩ ભાગનું ખેતઉત્પાદન સિંચાઇ વિસ્તારમાંથી થાય છે, કે જે ખેતીનો ૧/૩ ભાગ છે. આમ ખેતીમાં સિંચાઇ એટલે કે, પાણી એક મહત્વનું અંગ છે. પાક ઉત્પાદનમાં પિયતનો હિસ્સો ૨૭ ટકા જેટલો છે, કારણકે છોડ અને પાણીને સીધો સંબંધ છે. જેમકે,

(૧) જમીનમાં રહેલા પોષક તત્વો પાણીમાં ચોગ્ગો છે જેનું છોડ શોષણ કરે છે.

(૨) પાણી પોતે જ છોડનો ખોરાક છે.

(૩) પોષક તત્વો પાણીની સાથે છોડના જુદા જુદા ભાગમાં જાય છે.

(૪) પાણી ઉત્સ્વેદનની ક્રિયાને કારણે છોડને ઠંડો રાખે છે.

આમ, પાણી છોડના વિકાસ, વૃધ્ધિ માટે અગત્યનું છે. કોઈપણ પાકની વૃધ્ધિ સાથે યોગ્ય સમયે પાણી જરૂરી માત્રામાં મળે તો જ સારું પાક ઉત્પાદન મેળવી શકાય.

ગુજરાતના સૂકા અને અર્ધસૂકા વિસ્તારમાં વરસાદ અપૂરતો અને અનિયમિત છે, તેમજ વરસાદની વહેંચણી પણ સપ્રમાણ નથી. ચોમાસાની અનિયમિતતા જુદી જુદી રીતે ઊભી થાય છે જેમકે,

(૧) ચોમાસાની શરૂઆત મોડી થાય.

(૨) ચોમાસાની શરૂઆત સમયસર થાય પણ પાણીની જ્યારે ખાસ જરૂરિયાત હોય તેવા વચ્ચેના સમયમાં વરસાદ ન થાય અને વાવણી વખતે વરસાદ થાય.

(૩) ચોમાસાની શરૂઆત સમયસર થાય પણ ચોમાસુ વહેલુ વિદાય લે જેથી પાકની અંતિમ વ્યવસ્થામાં જરૂરી પાણી ન મળતાં ઉત્પાદનમાં ઘટાડો નોંધાય છે.

(૪) ચાલુ ચાલે સતત ૬૦ થી ૭૦ દિવસ મુશળધાર વરસાદ અમુક વિસ્તારોમાં રહયો તેવા સંજોગો ઊભા થાય ત્યારે પણ પાક લેવામાં મુસીબત ઊભી થાય છે.

ટૂંકમાં સફળ પાક ઉત્પાદન માટે સપ્રમાણ અને સમયસર પાણીની વ્યવસ્થા જરૂરી બને છે.

આપણે ત્યાં મુખ્યત્વે સિંચાઈની ત્રણ સ્વરૂપો છે. (૧) નહેરો (૨) કૂવાઓ અને (૩) નદીઓ/તળાવો.

(૧) નહેરો :

સ્વતંત્રતા પછી યોજનાઓ દરમ્યાન નહેરો દ્વારા થતી સિંચાઇમાં વધારો થયો છે અને થતો જાય છે. આ નહેરો બાંધવામાં મોટું મૂડીરોકાણ કરવું પડતું હોય તે રાજયની માલિકીની છે. નહેરો દ્વારા સસ્તી સિંચાઇ સગવડ પ્રાપ્ત થાય છે. પરંતુ તેના કેટલાક ગેરલાભો પણ છે. નહેરોમાં આવરેલ જમીન ઓછી થાય છે. તેમજ જમીનોના નાના નાના ટૂકડા બની જાય છે. જમીનમાં ખાર ઉપરી આવે છે. બેકતો પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરતા નથી વગેરે.

(૨) કૂવાઓ :

આપણે ત્યાં કૂવાઓ દ્વારા સિંચાઇ વ્યવસ્થા દિવસે દિવસે ખૂબજ વધતી જાય છે. કૂવાઓ બે પ્રકારના છે. ચાદા અને ટયૂબવેલ. બીજી પચવર્ષિય યોજના પછી કાચા કૂવાઓનો વપરાશ ઘટયો છે. જયારે પાકા કૂવાઓ પર ચોઇલ એન્જીનો અથવા ઇલેકટ્રીક મોટરપંપ મૂકીને પાણીનો પૂરવઠો વધારવાની પ્રવૃત્તિ વધી છે. જે વિસ્તારોમાં નહેરો બાંધી ન શકાય તે વિસ્તારોમાં રાજય માલિકીના ટયૂબવેલ તૈયાર કરવામાં આવ્યા છે. એક રીતે જોઇએ તો ટયૂબવેલ કાચા કે પાકા કૂવાની સરખામણીએ ખરચાળ છે. પરંતુ લાંબા સમય સુધી નિયમિત અને પૂરતો પાણીનો પૂરવઠો તે પૂરો પાડી શકે છે. ૧૯૬૭ પછી ખેતી ક્ષેત્રે ક્રાંતિ આવ્યા પછી પાણીનો વપરાશ વધી ગયો છે. આથી ભૂગર્ભ જળ પૂરવઠામાં ઉત્તરોત્તર ઘટાડો થઇ રહયો છે.પરિણામે કૂવાઓ દ્વારા મેળવવામાં આવતાં પાણીનો ખર્ચ વધી રહયો છે.

(૩) નદીઓ અથવા તળાવો :

આપણે ત્યાં આદિવાસી વિસ્તારમાં કે જયાં પથરાળ પ્રદેશોમાં કૂવા ખોદી શકાતા ન હોવાથી નદીઓમાં બંધ બાંધીને તળાવો રચવામાં આવે છે. અથવા પથરાળ પ્રદેશમાં ખાડામાં અથવા પાળા બાંધીને વરસાદનું પાણી સંગ્રહવામાં આવે છે. કેટલીક જગ્યાએ નદીમાં સીરીઝ ઓફ ચેકડેમ બનાવીને સંગ્રહ કરેલા પાણીને ઉદ્વહન કરી પિયત કરવામાં આવે છે અને આ રીતે લોકો પોતાના પાકને બચાવી શકે છે.

ગુજરાતમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં પિયત સુવિધા વધારવા માટે ઓઈલ એન્જીન અથવા ઈલેક્ટ્રીક મોટરપંપ યોજના અનુસૂચિ આવશે તે રીતે સરકારશ્રીનો કાર્યક્રમ હતો. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા કુટુંબલક્ષી કાર્યક્રમ હેઠળ ઓઈલ એન્જીન અથવા ઈલેક્ટ્રીક મોટરપંપ યોજનાના લાભાર્થીઓનું પ્રમાણ વરસોવરસ વધતુ જાય છે. આ યોજનાના લાભાર્થીઓને સહકારી મંડળી મારફત લાભ આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩ ઓઈલ એન્જીન અથવા ઈલેક્ટ્રીક મોટરપંપના લાભાર્થીવાળી સહકારી મંડળીઓએ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફતે લાભ લીધો છે.

સામાન્ય રીતે સામાજિક વૈજ્ઞાનિક કાર્યક્રમોનું મૂલ્યાંકન એટલે કે કોઈપણ યોજના દાખલ કરવામાં આવે ત્યારે તે દ્વારા લાભ મેળવતા લોકોને જે સહાય આપીને જે તે કાર્યક્રમ, (અહી ઓઈલ એન્જીન અથવા ઈલેક્ટ્રીક મોટરપંપ યોજના) વિકસાવવામાં આવે અને તેની અસરો અમુક સમય પછી શું થઈ તે જાણવા માટે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ થવો જ જોઈએ. આને મૂલ્યાંકન અભ્યાસ કહી શકાય. દા.ત. આદિવાસી વિસ્તારમાં ઓઈલ એન્જીન અથવા ઈલેક્ટ્રીક મોટરપંપ યોજના માટે જે સહાય પૂરી પાડવામાં આવે છે તેની આદિવાસી ખેડૂતો પર શી અસર થઈ, યોજનાનો કેટલો અમલ થયો, તેના અમલીકરણમાં કઈ સમસ્યાઓ છે, કેટલી જમીન પિયત થાય છે, કેવા પ્રકારના પાકોમાં પરિવર્તન આવ્યું છે, અવરોધક પરિબળો કયાં કયાં છે, તેને ટાળવાના ઉપાયો કયા કયા છે વગેરે પ્રશ્નોના જવાબ મેળવી કાર્યક્રમો ખરેખર ઉપયોગી બનાવવા માટે રસ્તા શોધી શકાય.

<u>અભ્યાસના હેતુઓ</u> :

(૧) ઓઈલ એન્જીન / ઈલેક્ટ્રીક મોટરપંપ યોજનાથી કેટલી સિંચાઇ થાય છે, કેવી રીતે લાભ મળે છે. કેટલા પ્રમાણમાં આદિવાસીઓ આ યોજનાઓ/ મંડળીઓનો લાભ લે છે.

(૨) લોકો પાણી પૂરતું મેળવી શકે છે કે કેમ? સિંચાઈની સગવડને લીધે પાકના માળખામાં થયેલ ફેરફાર તેમજ ઉત્પાદકતામાં થયેલ વધારો.

(૩) સિંચાઇ સાધનોનો લાભ લે છે કે નહિ? શું મુશ્કેલીઓ ઊભી થાય છે? તેને કેવી રીતે ઉકેલી શકાય? લોકો આમાં રસ લે છે? લોન કે સહાયના પૈસા સમયસર ભરે છે કે નહિ?

(૪) યોજના/ મંડળી પાછળ કયા કયા પ્રકારની વહીવટી મુશ્કેલીઓ તેમજ અડચણો અને સમસ્યાઓ ઊભી થાય છે તે તપાસવાના હતા.

અભ્યાસનું કાર્યક્ષેત્ર અને પસંદગી :

આગળ ઉપર જણાવ્યું છે તે મુજબ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન પાસેથી ગોઇલ એન્જીન/ ઇલેક્ટ્રીક મોટરપંપના લાભાર્થીઓવાળી સહકારી મંડળીઓની સૂચિ પરિશિષ્ટ–૧ પ્રમાણે મેળવી તેમાંથી ૪૦% સહકારી મંડળીઓનો અભ્યાસ કરવા વિચાર્યું હતું અને તે રીતે કુલ ૩૩ મંડળીઓમાંથી જુદા જુદા જિલ્લાઓના પ્રમાણસર દૈવ નિદર્શન પધ્ધતિ પ્રમાણે ૧૩ મંડળીઓ પસંદ થઇ હતી. જે તે મંડળીઓના લાભાર્થીઓ માટે પાંચ કરતાં ઓછા લાભાર્થીઓ હોય તો તમામ લાભાર્થીઓ, ૭ થી દશ લાભાર્થીઓ હોય તો ૭૫% લાભાર્થીઓ અને દશ કરતાં વધારે લાભાર્થીઓ હોય તો ૫૦% લાભાર્થીઓ દૈવ નિદર્શન પધ્ધતિ પ્રમાણે પસંદ થયા છે. આમ આ રીતે કુલ ૧૩ મંડળીઓ–માંથી કુલ ૧૦૨ લાભાર્થીઓનો અભ્યાસ કર્યો હતો. પસંદ થયેલ મંડળીના કાર્યક્ષેત્રના ગામવાર લાભાર્થીઓ કોઠા ન.૧.૧ પ્રમાણે છે.

સંશોધન પ્રવિધિઓ :

(૧) અભ્યાસ યોગ્ય રીતે કરી શકાય તે માટે તેજ વિષયનું પૂરતું સાહિત્ય જોવા માટે ગ્રંથાલય કાર્ય આવશ્યક બન્યું હતું.

(૨) અભ્યાસમાં પસંદ થયેલ લાભાર્થીઓમાં આર્થિક જીવનમાં વ્યવસાય, આવક, ખર્ચ, દેવું, પિયત સગવડો, મુશ્કેલીઓ, પિયતથી શું શું સુધારો થયો વગેરે બાબતો જાણવા માટે મુલાકાતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૩) પસંદ થયેલ સેવા સહકારી મંડળીઓની વિગતો માટે ચેક પત્રક તૈયાર કર્યું હતું. તેમાં યોજનાથી કેટલું પિયત, કેટલો ખર્ચ, કયાં કયાં મુશ્કેલીઓ આવે છે, કેવી રીતે કામ કરો છો વગેરે માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

(૪) યોજનાઓની જાત તપાસ માટે જે તે સ્થળની અને તેમની પ્રવૃત્તિઓને સમજવા માટે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો હતો. તેમજ અભ્યાસ ને વધુ સમર્થન આપવા સંબંધિત અધિકારીઓની મુલાકાત લઈ ઊંડાણ-પૂર્વક ચર્ચા કરી હતી.

કોઠા નં.૧.૧

તાલુકા	ગામો	કુટુંબ સંખ્યા	
પાલનપુર	(૧) ×ચીકણવાસ	૪	
	પેડચોળી	૨	
	ડાભેલી	૧	૭
દાંતા	(૨) ×સાઢોસી	૫	
	મગવાસ	૧	
	કુકડી	૧	૭
ભિલોડા	(૩) ×વિરપુર - ચોરીમાલા	૧૭	૧૭
	(૪) ×અણસોલ	૪	
	કડવાસ	૧	
	પહાડીયા	૧	૬
	(૫) ×ઝાબચીતરીયા	૧	
	પાચમોવડી	૨	
	જાંબુડી	૩	૬
	(૬) ×ભેટાલી	૨	૨
	(૭) ગોઢ મહેરા	૫	
	કલ્લા	૧૨	૧૭

તાલુકા		ગામો	કુટુંબ સંખ્યા	
છોટાઉદેપુર	(૮)	×ડુંગરવાડ	૩	૩
	(૯)	×પુનિયાવેટ	૬	
		નાનીદુમાલી	૧	
		ધધોડા	૨	
		મલાજા	૨	૧૧
જેતપુરપાવી	(૧૦)	×હિરપરી	૫	
		રતનપુર	૧	
		વરકોલ	૧	
		મેઘા	૧	૮
	(૧૧)	×બેસાવડી	૩	૩
વસદા	(૧૨)	×રીંગણઇ	૧૨	૧૨
સિમલી	(૧૩)	કાકડવેરી	૧	
		જામનપાડા	૨	૩
	કુલ		૧૦૨	

પ્રકરણ – ૨

લાભાર્થીઓનો પરિચય : આર્થિક-સામાજિક

ગુજરાતની પૂર્વ પટ્ટીની જિલ્લાઓ આદિવાસી જિલ્લાઓ તરીકે ઓળખાય છે. આ આદિવાસી જિલ્લાઓમાં કુલ ૩૨ તાલુકાઓમાં ૫૦% કરતાં વધુ વસ્તી આદિવાસીઓની છે. આ અભ્યાસ માટે આગળના પ્રકરણમાં જણાવ્યું છે તેમ કુલ ચાર જિલ્લાઓ બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા અને વલસાડને આવરી લેવામાં આવ્યા છે અને તેઓના પાલનપુર, દાંતા, ભિલોડા, છોટા-ઉદેપુર, જેતપુરપાવી, વાંસદા, ચિખલી વગેરે તાલુકાઓની કુલ ૧૩ મંડળીઓ-ના કાર્યક્ષેત્રના ૨૯ ગામોમાંથી ૧૦૨ સભાસદો અથવા લાભાર્થીઓનો અહીં અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે.

નમૂનાના કુલ ૧૦૨ કુટુંબોમાંથી ૬૨ કુટુંબો ગરાસીયા ભીલ જાતિના, ૨૩ કુટુંબો રાઠવા જાતિના ૧૧ કુટુંબો પોઢિયાપટેલ જાતિના, ૪ કુટુંબો ચૌધરી જાતિના અને ૨ કુટુંબો તડવી જાતિના જોવા મળ્યા હતા. જિલ્લા-વાર કોઠા નં.૨.૧ માં આંકડા બતાવ્યા છે.

તમામ ઉત્તરદાતાઓ કે લાભાર્થીઓના શિક્ષણ અંગે જોઈએ તો કુલ ૧૦૨માંથી ૪૭.૦૬%, લાભાર્થીઓ તો અભણ છે, જ્યારે બાકીના ૪૨.૧૬% લાભાર્થીઓ પ્રાથમિક શિક્ષણ, ૮.૮૨% લાભાર્થીઓ માધ્યમિક શિક્ષણ અને ૧.૯૬% લાભાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવેલ જોવા મળે છે. એકંદરે લાભાર્થીઓમાં અભણનું પ્રમાણ વધારે જોવા મળ્યું.છે. કોઠા નં.૨.૨માં ટકાવારી બતાવેલ છે.

તપાસેલ કુટુંબોના મકાનોની પરિસ્થિતિ જોઈએ તો ૭૮.૪૩% મકાન કાચાં જોવા મળ્યાં છે. જ્યારે ૨૧.૫૭ મકાન પાકાં છે અને મકાનની સરેરાશ કિંમત ૨૪૫૮૮ રૂપિયા થાય છે. આ મકાનોમાં ૧૩.૭૨%, મકાનો એક ખંડવાળાં, ૬૬.૬૭% મકાનો બે ખંડવાળાં, ૧૭.૬૫% મકાનો ત્રણ ખંડવાળાં અને ૧.૯૬% મકાનો ચાર ખંડવાળાં જોવા મળ્યાં છે. મકાનની દિવાલનો પ્રકાર જોઈએ તો ૨૮.૪૩% મકાનોની દિવાલ ઈંટની, ૨.૯૪% મકાનોની દિવાલ પથ્થરની, ૬૭.૬૫% મકાનોની દિવાલ માટીની અને ૦.૯૮% મકાનોની દિવાલ વાંસની જોવા મળી છે. છાજમાં ચેક કરતાં વધારે પ્રકારનાં છાજ જોવા મળી શકે.

દા.ત. દેશી નળીયાં સાથે મકાનના થોડા ભાગમાં પાકુ ધાબુ પણ મળી શકે. આ રીતે અહીં ૬૪.૭૬% મકાનનાં છાજ દેશી-નળીયાથી, ૨૬.૬૭% મકાનના છાજ વિલાયતી નળીયાથી, ૧.૯૦% મકાનના છાજ સિમેન્ટ પતરાથી, ૨.૮૬% મકાનના છાજ ધાતુ પતરાથી અને ૩.૮૧% મકાનનાં છાજ પાકા ધાબાવાળા જોવા મળ્યાં છે. પશુ બાંધવાની વ્યવસ્થાની રીતે જોઈએ તો ૩૪.૩૧% લોકો પોતાનાં પશુ ઘરમાં સાથેજ બાંધે છે, જ્યારે ૬૫.૬૯% લોકોએ પશુ બાંધવાની વ્યવસ્થા અલગ કરી છે એટલે કે ઘરની બહાર અથવા થોડે દૂર બાંધે છે. ટૂંકમાં મકાન અંગેની વિગતો, મકાનના ક્ષેત્રફળ વિષે વગેરે કોઠા નં.૨.૩ અને ૨.૪ માં સહેલાઈથી જોઈ શકાશે.

અભ્યાસમાં આવરેલ કુલ ૧૦૨ કુટુંબોમાંથી ૬૪.૧૨% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ૫.૮૮% કુટુંબોનો મુખ્ય વ્યવસાય નોકરી છે. મુખ્ય વ્યવસાયની સાથે સાથે ગૌણ વ્યવસાય પણ તેઓને કરવા પડતા જોવા મળ્યા છે. કેટલાક કુટુંબોમાં એક કરતાં વધારે ગૌણ વ્યવસાય કરે છે તેવું પણ જોવા મળ્યું છે. જે કોઠા નં.૨.૫ માં જોતાં ખ્યાલ આવશે. ખાસ કરી ગૌણ વ્યવસાયમાંથી (કુલ ૧૨૫ માંથી) ૬૮.૦૦% પશુપાલન, ૧૦.૪૦% નોકરી, ૧૭.૬૦% મજૂરી અને ૪.૦૦% ખેતી તરીકે ગૌણ વ્યવસાયમાં જોવા મળે છે. સાથે સાથે એ વિચારવું જોઈએ કે આ સમાજમાં આ લોકોને કોઈ એકજ વ્યવસાયથી પોતાનું ભરણપોષણ થઈ શકતુ નથી. અને તેથીજ એક કરતાં વધારે વ્યવસાય કરવા પડે છે. તદુપરાંત ઘરના કુટુંબના સભ્યોમાંથી પણ એક કરતાં વધારે વ્યક્તિઓએ કમાવવું પડે છે જે હવે જોઈશું.

કુલ ૧૦૨ કુટુંબોની સભ્યસંખ્યા ૭૦૫ છે એટલે કે સરેરાશ કુટુંબકદ ૬.૯૧ થાય. તેમાં પુરુષો ૩૬૫ અને સ્ત્રીઓ ૩૪૦ છે. એટલે કે ૧૦૦૦ પુરુષોએ ૯૩૧ સ્ત્રીઓનો રેશીયો કહેવાય. આ તમામ કુટુંબોમાંથી ૩૬૩ વ્યક્તિઓ કમાનાર છે, એટલે કે એક કુટુંબની સરેરાશ કમાનારની સંખ્યા ૩.૫૬ થઈ અને સરેરાશ કુટુંબકદ ૬.૯૧ છે. આ પરથી એમ કહી શકાય કે આ બધાં કુટુંબોના સભ્યોમાંથી અડધા કરતાં વધારે સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે. કુલ સંખ્યામાંથી નહીં કમાનારની સંખ્યા જોઈએ તો કુલ પુરુષોના ૪૯.૭૨% પુરુષો અને કુલ સ્ત્રીઓના ૪૭.૬૫% સ્ત્રીઓ નહીં

કમાનાર છે. બાકીના ૫૦.૬૮% પુરુષો અને ૫૨.૩૫% સ્ત્રીઓ કમાનાર છે. આમ આ આંકડાઓ પરથી કહી શકાય કે આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પણ કમાણીમાં અગત્યનો ભાગ ભજવે છે. વિગતે આંકડા કોઠા નં.૨.૬માં દર્શાવ્યા છે.

આદિવાસી સમાજમાં શિક્ષણસ્તર હજુ નીચું છે. આપણા અભ્યાસના કુટુંબોમાં પણ શિક્ષણસ્તર જોવું જોઈએ. અને તે રીતે કોઠા નં.૨.૭માં ટકા-વારી રૂપે દર્શાવેલ છે. કુલ પુરુષોમાંથી ૩૩.૭૦% પુરુષો અને કુલ સ્ત્રીઓ-માંથી ૬૦.૮૮% સ્ત્રીઓ અભણ છે. જ્યારે બાકીના ૩૮.૦૮% પુરુષો પ્રાથમિક, ૨૧.૯૨% પુરુષો માધ્યમિક અને ૬.૩૦% પુરુષો ઉચ્ચ શિક્ષણ સુધી જોવા મળ્યા છે તે રીતે સ્ત્રીઓમાં ૨૬.૧૮% સ્ત્રીઓ પ્રાથમિક, ૧૧.૧૮% સ્ત્રીઓ માધ્યમિક અને માત્ર ૧.૭૬% સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી છે. ટૂંકમાં અભણનું પ્રમાણ વધારે છે. અને તેમાંય પુરુષો કરતાં સ્ત્રીઓમાં ખૂબજ અભણ જોવા મળે છે. જેમ જેમ દક્ષિણ દીશાએ ઉતરતા જિલ્લાઓમાં ઉતરીએ તેમ તેમ અભણનું પ્રમાણ ઓછું થતું જાય છે. ખાસ એ પણ જોવા મળે છે કે ઉચ્ચશિક્ષણ સુધી જનારાઓની સંખ્યાની ગતી ધીમી છે અથવા ઓછી છે.

તપાસના કુલ ૧૦૨ કુટુંબોની કુલ ૪૨૨.૨૬ એકર જમીન છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૪.૦૬ એકર જમીન થાય. આ બધીજ જમીનની કુલ કિંમત ૫૧,૪૯,૫૦૦ રુપિયા થાય છે. એટલે એકરદીઠ સરેરાશ ૧૨,૨૦૩ રૂપિયાની થઈ. સમગ્ર રીતે કુલ જમીનના ૬૯.૩૭% જમીન પિયત છે, જ્યારે બાકીની ૩૦.૬૩ % જમીન બિન પિયત જોવા માળી છે. ટૂંકમાં આ અભ્યાસના લાભાર્થીઓ સેવા પસંદ થયેલ છે કે ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ યોજનાનો લાભ મોળ હોય તેમ છતાં આ આંકડા જોતાં લાગે છે કે તેઓની બધીજ જમીન પિયતમાં આવતી નથી એટલે કે લગભગ ત્રીજા ભાગની જમીન બિનપિયત જોવા મળે છે. જમીન અંગેના આંકડા કોઠા નં. ૨.૮માં દર્શાવ્યા છે.

કોઠા નં.૨:૧

પસંદ થયેલ લાભાર્થીઓનું જ્ઞાતિપ્રમાણે વર્ગીકરણ

જિલ્લાનું નામ	ડુંગરી ગરાસીયા	રાઠવા	તડવી	ધોડિયા પટેલ	ચોધરી	કુલ
બનાસકાંઠા	૧૪	–	–	–	–	૧૪
સાબરકાંઠા	૪૮	–	–	–	–	૪૮
વડોદરા	–	૨૩	૨	–	–	૨૫
વલસાડ	–	–	–	૧૧	૪	૧૫
કુલ	૬૨	૨૩	૨	૧૧	૪	૧૦૨

ક્રમ									
૧૬૨	૨	૨	૨૭.૭	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૧
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૨
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૩
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૪
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૫
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૬
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૭
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૮
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૫૯
૧૫૨	૨	૨	-	૬૦.૬૪	૪૪	૨૪.૬૪	૬૦.૬૪	૨	૧૬૦

ક્રમ ૧૫૧ થી ૧૬૦ ની ઉત્તરવહીનું પરીક્ષણ કરતાં નીચે મુજબની ક્ષતિઓ જોવા મળી.

ક્ષતિ

૧. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૨. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૩. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૪. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૫. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૬. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૭. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૮. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૯. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

૧૦. ઉત્તરવહીમાં પ્રશ્નોના ક્રમ યોગ્ય રીતે લખવામાં આવ્યા નથી.

કોષ્ટક ૧૦.૨૨

મકાનના પ્રકાર અને ચોરસ ફૂટ વિસ્તારની ગણતરીની પદ્ધતિ

ક્રમ	મકાનનો પ્રકાર	ચોરસ ફૂટ વિસ્તાર	ચોરસ ફૂટ દીઠ દર (રૂ.)	કુલ ખર્ચ (રૂ.)
૧	૧ રૂમ, રસોડું, બાથરૂમ	૨૫૦	૧૨૦૦	૩૦૦૦૦૦
૨	૨ રૂમ, રસોડું, બાથરૂમ	૪૦૦	૧૧૫૦	૪૬૦૦૦૦
૩	૩ રૂમ, રસોડું, બાથરૂમ	૫૫૦	૧૧૦૦	૬૦૫૦૦૦
૪	૪ રૂમ, રસોડું, બાથરૂમ	૭૦૦	૧૦૫૦	૭૩૫૦૦૦
૫	૫ રૂમ, રસોડું, બાથરૂમ	૮૫૦	૧૦૦૦	૮૫૦૦૦૦
૬	૬ રૂમ, રસોડું, બાથરૂમ	૧૦૦૦	૯૫૦	૯૫૦૦૦૦
૭	૭ રૂમ, રસોડું, બાથરૂમ	૧૨૦૦	૯૦૦	૧૦૮૦૦૦૦
૮	૮ રૂમ, રસોડું, બાથરૂમ	૧૪૦૦	૮૫૦	૧૧૯૦૦૦૦
૯	૯ રૂમ, રસોડું, બાથરૂમ	૧૬૦૦	૮૦૦	૧૨૮૦૦૦૦
૧૦	૧૦ રૂમ, રસોડું, બાથરૂમ	૧૮૦૦	૭૫૦	૧૩૫૦૦૦૦
૧૧	૧૧ રૂમ, રસોડું, બાથરૂમ	૨૦૦૦	૭૦૦	૧૪૦૦૦૦૦
૧૨	૧૨ રૂમ, રસોડું, બાથરૂમ	૨૨૦૦	૬૫૦	૧૪૩૦૦૦૦
૧૩	૧૩ રૂમ, રસોડું, બાથરૂમ	૨૪૦૦	૬૦૦	૧૪૪૦૦૦૦
૧૪	૧૪ રૂમ, રસોડું, બાથરૂમ	૨૬૦૦	૫૫૦	૧૪૩૦૦૦૦
૧૫	૧૫ રૂમ, રસોડું, બાથરૂમ	૨૮૦૦	૫૦૦	૧૪૦૦૦૦૦
૧૬	૧૬ રૂમ, રસોડું, બાથરૂમ	૩૦૦૦	૪૫૦	૧૩૫૦૦૦૦
૧૭	૧૭ રૂમ, રસોડું, બાથરૂમ	૩૨૦૦	૪૦૦	૧૨૮૦૦૦૦
૧૮	૧૮ રૂમ, રસોડું, બાથરૂમ	૩૪૦૦	૩૫૦	૧૧૯૦૦૦૦
૧૯	૧૯ રૂમ, રસોડું, બાથરૂમ	૩૬૦૦	૩૦૦	૧૦૮૦૦૦૦
૨૦	૨૦ રૂમ, રસોડું, બાથરૂમ	૩૮૦૦	૨૫૦	૯૫૦૦૦૦
૨૧	૨૧ રૂમ, રસોડું, બાથરૂમ	૪૦૦૦	૨૦૦	૮૦૦૦૦૦
૨૨	૨૨ રૂમ, રસોડું, બાથરૂમ	૪૨૦૦	૧૫૦	૬૩૦૦૦૦
૨૩	૨૩ રૂમ, રસોડું, બાથરૂમ	૪૪૦૦	૧૦૦	૪૪૦૦૦૦
૨૪	૨૪ રૂમ, રસોડું, બાથરૂમ	૪૬૦૦	૫૦	૨૩૦૦૦૦
૨૫	૨૫ રૂમ, રસોડું, બાથરૂમ	૪૮૦૦	૨૫	૧૨૦૦૦૦
૨૬	૨૬ રૂમ, રસોડું, બાથરૂમ	૫૦૦૦	૧૦	૫૦૦૦૦
૨૭	૨૭ રૂમ, રસોડું, બાથરૂમ	૫૨૦૦	૫	૨૬૦૦૦
૨૮	૨૮ રૂમ, રસોડું, બાથરૂમ	૫૪૦૦	૨	૧૦૮૦૦
૨૯	૨૯ રૂમ, રસોડું, બાથરૂમ	૫૬૦૦	૧	૫૬૦૦
૩૦	૩૦ રૂમ, રસોડું, બાથરૂમ	૫૮૦૦	૧	૫૮૦૦
૩૧	૩૧ રૂમ, રસોડું, બાથરૂમ	૬૦૦૦	૧	૬૦૦૦

કોઠા નં.૨:૪

દિવાલનો પ્રકાર અને છાપરાનો પ્રકાર દર્શાવતું વર્ગીકરણ

જિલ્લાનું નામ	દિવાલનો પ્રકાર			છાપરાનો પ્રકાર						કુલ	પશુ માટેની છાપરી	
	ઈંટ	પથ્થર	માટી	વાંસ/ સાંઠી	દેશી નળીયાં	વિલાયતી નળીયાં	સિમેન્ટ પતરાં	પતરાં	ધાબુ		અલગ	સાથેજ
બનાસકાંઠા	–	૩	૧૦	૧	૧૦	૩	૧	૧	–	૧૫	૧૩	૧
સાબરકાંઠા	૨	–	૪૬	–	૪૦	૮	–	–	૧	૪૯	૪૬	૨
વડોદરા	૨૨	–	૩	–	૧૮	૩	–	૨	૨	૨૫	૩	૨૨
વલસાડ	૫	–	૧૦	–	–	૧૪	૧	–	૧	૧૬	૫	૧૦
કુલ	૨૯	૩	૬૯	૧	૬૮	૨૮	૨	૩	૪	૧૦૫	૬૭	૩૫
ટકા	૨૮.૪૩	૨.૯૪	૬૭.૬૫	૦.૯૮	૬૪.૭૬	~~૨૬.૬૭~~ ૨૬.૬૭	૧.૯૦	૨.૮૬	૩.૮૧	૧૦૦.૦૦	૬૫.૬૯	૩૪.૩૧

૬૪.૭૬ ૨૬.૬૭

કોઠા નં.૨:૫

ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય અને ગૌણવ્યવસાય દર્શાવતું વર્ગીકરણ

જિલ્લાનું નામ	મુખ્ય વ્યવસાય		ગૌણ વ્યવસાય				કુલ
	ખેતી	નોકરી	પશુપાલન	નોકરી	મજૂરી	ખેતી	
બનાસકાંઠા	૧૪	–	૧૪	–	–	–	૧૪
સાબરકાંઠા	૪૩	૫	૩૩	૭	૧૨	૫	૫૭
વડોદરા	૨૫	–	૨૪	૨	૧૦	–	૩૬
વલસાડ	૧૪	૧	૧૪	૪	–	–	૧૮
કુલ	૯૬	૬	૮૫	૧૩	૨૨	૫	૧૨૫
ટકા	૯૪.૧૨	૫.૮૮	૬૮.૦૦	૧૦.૪૦	૧૭.૬૦	૪.૦૦	૧૦૦.૦૦

કોઠા નં.૨:૬

પસંદ થયેલ કુટુંબોમાં કમાનાર- નહીકમાનારનું વેગીકરણ

જિલ્લાનું નામ	કમાનાર		નહીકમાનાર		કુલ	
	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
બનાસકાંઠા	૨૮	૨૭	૨૬	૩૨	૫૪	૫૯
સાબરકાંઠા	૭૮	૭૪	૮૭	૭૫	૧૬૫	૧૪૯
વડોદરા	૫૧	૪૮	૫૭	૩૫	૯૮	૮૩
વલસાડ	૨૮	૨૯	૨૦	૨૦	૪૮	૪૯
કુલ	૧૮૫	૧૭૮	૧૮૦	૧૬૨	૩૬૫	૩૪૦
ટકા	૫૦.૬૮	૫૨.૩૫	૪૯.૩૨	૪૭.૬૫	૧૦૦.૦૦	૧૦૦.૦૦

કોઠા નં.૨:૭

પસંદ થયેલ કુટુંબોના સભ્યોમાં શિક્ષણ

જિલ્લાનું નામ	અભણ		પ્રાથમિક		માધ્યમિક		ઉચ્ચ શિક્ષણ		કુલ	
	પુરુષો	સ્ત્રી	પુરુષો	સ્ત્રી	પુરુષો	સ્ત્રી	પુરુષો	સ્ત્રી	પુરુષો	સ્ત્રી
બનાસકાંઠા	૩૧	૫૩	૧૮	૫	૫	૧	-	-	૫૪	૫૯
સાબરકાંઠા	૪૧	૭૦	૭૧	૫૫	૪૨	૨૧	૧૧	૩	૧૬૫	૧૪૯
વડોદરા	૬૭	૫૭	૩૭	૨૧	૧૯	૫	૫	-	૯૮	૮૩
વલસાડ	૧૪	૨૭	૧૩	૮	૧૪	૧૧	૭	૩	૪૮	૪૯
કુલ	૧૨૩	૨૦૭	૧૩૯	૮૯	૮૦	૩૮	૨૩	૬	૩૬૫	૩૪૦
ટકા	૩૩.૭૦	૬૦.૮૮	૩૮.૦૮	૨૬.૧૮	૨૧.૯૨	૧૧.૧૮	૬.૩૦	૧.૭૬	૧૦૦.૦૦	૧૦૦.૦૦

કોઠા નં.૨:૮

જમીન (એકરમાં)

જિલ્લાનું નામ	પિયત જમીન	બિનપિયત જમીન	કુલ જમીન	જમીનની કુલ કિંમત (રૂપિયામાં)	કુટુંબદીઠ સરેરાશ જમીન
બનાસકાંઠા	૩૯-૦૦	૧૫-૨૦	૫૪-૨૦	૫,૭૨,૦૦૦	૩.૩૬
સાબરકાંઠા	૧૩૦-૧૨	૪૮-૨૨	૧૭૮-૩૪	૨૪,૬૨,૦૦૦	૩.૨૯
વડોદરા	૬૪-૬૭	૪૬-૨૭	૧૧૧-૨૪	૧૧,૩૫,૫૦૦	૪.૧૯
વલસાડ	૫૮-૩૯	૧૮-૨૯	૭૭-૨૮	૯,૮૦,૦૦૦	૫.૦૭
કુલ	૨૯૩-૦૮	૧૨૯-૧૮	૪૨૨-૨૬	૫૧,૪૯,૫૦૦	૪.૦૬
ટકા	૬૯.૩૭	૩૦.૬૩	૧૦૦.૦૦		

જમીનની સાથે સાથે જમીનમાં કેટલાંક વૃક્ષો પણ હોય છે. ખાસ કરીને સાબરકાંઠા જિલ્લામાં થોડા કુટુંબોએ પોતાની જમીનમાં વૃક્ષોનું પ્લા-ટેશન કર્યું છે અને તે રીતે વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. વલસાડ જિલ્લામાં મોટાભાગના આદિવાસી ખેડૂતોએ હવે હવે આંબાની જાુદી જાુદી જાતોની કલમો ઉછેરવા પ્રયત્ન કર્યો છે અને દરેકની પોતાની એક વાડી હોય તેવું વાતાવરણ ઊભું કર્યું છે. ટૂંકમાં વૃક્ષોની સંખ્યા ઠીક-ઠીક જોવા મળે છે. દરેક કુટુંબો ખેતી કરતાં હોવાથી ખેતીના નાનાં મોટાં સાધનો વસાવતા હોય છે અને તે અંગે કોઠા નં.૨:૯ માં આંકડા બતાવ્યા છે.

ખેતીનો મુખ્ય આધાર પિયત સાધનો પર છે અને આપણો અભ્યાસ પણ પિયત સુવિધા વિષે છે તે રીતે જોવું જરૂરી છે. પસંદ થયેલ કુટુંબો પાસે કુલ ૧૦૦ કૂવાઓ છે અને ૭ કુટુંબો પાસે કૂવાઓ નથી પણ નહેરના પાણીનો ઉપયોગ કરે છે. થોડાઘણા કુટુંબો એવા પણ છે કે એક કરતાં વધારે એટલે કે બે કૂવાઓ ધરાવતા હોય. કુલ ૧૦૦ કૂવાઓમાંથી ૧૩ કૂવાઓ કાચા જોવા મળ્યા છે, જ્યારે બાકીના ૮૭ કૂવાઓ પાકા મળ્યા છે. આમાં દરેક કુટુંબ પાસે સ્વતંત્ર કૂવાઓ પણ નથી. કૂવા ધરાવવા-વાળામાંથી ૨૩% લાભાર્થીઓ તો એવા છે કે પોતાનો સ્વતંત્ર કૂવો નથી પણ જે તે કૂવામાં અડધો, ત્રીજો કે ચોથો વગેરે ભાગ હોય અને પોતાના કુટુંબી-જનોનો એટલે કે ભાઈઓના ભાગમાં કૂવો હોય અને તે રીતે કૂવાપર મશીન કે ઈલેકટ્રીક મોટરપંપ મૂકેલો હોય. કોઠા નં.૨:૧૦માં આંકડા બતાવ્યા છે તેમાં કૌંસમાં બતાવેલા આંકડા ભાગીદારવાળા કૂવાઓની સંખ્યા દર્શાવે છે. આ તમામ કૂવાઓની કુલ કિંમત ૨૪,૪૩,૦૦૦ રૂપિયા થાય છે. એટલે કે સરેરાશ એક કૂવાની કિંમત ૨૪,૪૩૦ રૂપિયા થઈ. અભ્યાસના કુલ ૧૦૨ લાભાર્થીઓ પાસે કુલ ૫૯ ઓઈલ એન્જીન અને ૫૦ ઈલેકટ્રીક મોટરપંપની સંખ્યા જોવા મળી છે. આમાં ૧૭ સબમર્સિબલપંપનો સમાવેશ થઈ જાય છે. ખાસ કરીને બનાસકાંઠા અને વલસાડ જિલ્લાના લાભાર્થીઓમાં ઓઈલ એન્જીનનું પ્રમાણ ખૂબજ જોવા મળે છે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના લાભાર્થીઓમાં ઈલેકટ્રીક મોટરપંપ તેમજ સબમર્સિબલપંપનું પ્રમાણ સારુ જોવું છે.

પિયતના સાધનોની સાથે ૧૧ લાભાર્થીઓ એવા જોવા મળ્યા છે કે પોતાના દૂરના ખેતરોને પાણી પુરુ પાડવા માટે પાઈપ લાઈન નાળી હોય. આમાં લગભગ ૪૦૦ ફૂટથી ૮૦૦ ફૂટ સુધીની પાઈપ લાઈનો ધરાવનાર જોવા મળ્યા છે. આ તમામ ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટરપંપ તથા સબમર્સિબલપંપ અને પાઈપલાઈન વગેરેની કુલ કિંમત ૧૩,૦૭,૨૯૧ રૂપિયા જોવા મળી છે. એટલેકે સરેરાશ એક લાભાર્થીદીઠ ૧૨,૮૧૭ રૂપીયાની અસ્કયામત પિયત સાધન તરીકે ગણી શકાય.

આગળ જોયું તેમ લગભગ બધાજ લાભાર્થીઓનો ગૌણ વ્યવસાય પશુપાલન છે. તો પશુઓ વિષે પણ જોવું જોઈએ. કોઠા નં.૨:૧૧ માં દર્શાવ્યા પ્રમાણે બધા કુટુંબોના મળી કુલ ૮૯૫ પશુઓની સંખ્યા જોવા મળી છે. આમાં મરઘાંની સંખ્યાનો પણ સમાવેશ થઈ જાય છે. કુલ પશુઓના ૨૦.૮૯% બળદ, ૯.૯૪% ગાય, ૧૬.૩૧% ભેંસ, ૬.૫૯% પાડા-પાડી, ૨૩.૦૨% બકરાં, ૬.૪૯% વાછરડાં અને ૧૬.૭૬% મરઘાંનો સમાવેશ થાય છે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક કોઠા નં.૨:૧૨માં દર્શાવી છે. તેમાં બધા કુટુંબોની વાર્ષિક આવક ૧૨,૯૬,૦૨૫ રૂપિયા જોવા મળે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૧૨,૭૦૬ રુપિયા થઈ. વડોદરા અને સાબરકાંઠા જિલ્લાઓના કુટુંબોની આવક પ્રમાણમાં ઓછી જોવા મળી છે. xxxxx જ્યારે વલસાડ જિલ્લાના કુટુંબોની આવક ઠીક ઠીક ગણી શકાય. જોકે આ અભ્યાસમાં સર્વેક્ષિત કુટુંબો એવાં છે કે તેઓ પાસે જમીન છે અને વળી પિયતના સાધનોવાળા હોવાથી તેઓની આવકમાં વધારો નોંધાવ્યો છે. સમગ્ર રીતે જોઈએ તો કુલ આવકના ૫૫.૯૦% આવક ખેતીમાંથી, ૧૪.૭૦% આવક પશુપાલનમાંથી, ૧.૧૫% આવક ખેતમજૂરીમાંથી, ૩.૯૭% આવક છૂટકમજૂરીમાંથી, ૨૨.૬૧% આવક નોકરીમાંથી, ૦.૭૭% આવક વેપાર કરીને અને ૦.૯૦% આવક અન્ય ધંધા વગેરેમાંથી જોવા મળે છે. ટૂંકમાં મોટાભાગનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને ખેતીમાં પિયત સુવિધા થવાથી ખેતીની આવક ઠીકઠીક દેખાઈ આવે છે.

કોઠા નં.૨:૯

વૃક્ષો તથા ખેતીમાં સાધનો (સંખ્યામાં)

જિલ્લાનું નામ	કુલ વૃક્ષો	કિંમત (રૂપિયામાં)	ખેતીનાં સાધનો	કિંમત (રૂપિયામાં)
બનાસકાંઠા	૨૧૫	૩૫,૦૦૦	૬૫	૨૦,૦૦૦
સાબરકાંઠા	૪૦૧૪	૨,૩૪,૭૦૦	૧૩૫	૪૮,૦૦૦
વડોદરા	૧૧૨	૨૫,૫૦૦	૧૧૨	૨૩,૪૦૦
વલસાડ	૩૦૭	૨,૬૯,૦૦૦	૬૮	૧૮,૭૦૦
કુલ	૪,૬૪૮	૫,૬૪,૨૦૦	૩૮૦	૧,૧૦,૧૦૦

કોઠા નં.૨:૧૦

પિયત સુવિધાનાં સાધનોનું વર્ગીકરણ (સંખ્યામાં)

જિલ્લાનું નામ	પાકાકૂવા	કાચાકૂવા	કૂવાઓની કિંમત (રૂપિયામાં)	ઓઈલ એન્જીન	ઈલેકટ્રીક મોટરપંપ	પાણીની પાઈપ	કિંમત (રૂપિયામાં)
બનાસકાંઠા	૯ (૬)	૫ (૨)	૨,૪૬,૦૦૦	૧૪	૧	૫	૨,૦૨,૫૫૦
સાબરકાંઠા	૪૬ (૯)	૫ (૦)	૧૩,૧૦,૦૦૦	૧૫	૧૮ ૧૭ સબમર્સિબલ પંપ	–	૭,૨૫,૪૦૦
વડોદરા	૨૩ (૪)	૨ (૦)	૫,૫૨,૦૦૦	૧૬	૧૩	૫	૨,૫૧,૫૦૦
વલસાડ	૯ (૨)	૧ (૦)	૩,૩૫,૦૦૦	૧૪	૧	૧	૧,૨૭,૮૪૧
કુલ	૮૭ (૨૧)	૧૩ (૨)	૨૪,૪૩,૦૦૦	૫૯	૫૦	૧૧	૧૩,૦૭,૨૯૧

નોંધ : કૌંસમાં દર્શાવેલ સંખ્યા ભાગીદારવાળા કૂવાઓની સંખ્યા છે.

કોઠા નં.૨:૧૧

પશુધન (સંખ્યામાં)

જિલ્લાનું નામ	ખાદ	ગાય	ભેંસ	પાડા-પાડી	બકરાં	વાછરડાં	મરઘાં	કુલ	કિંમત (રુપિયામાં)
બનાસકાંઠા	૨૮	૨૧	૨૦	૧૨	૪૫	૭	૩૮	૧૭૧	૧,૭૭,૪૫૦
સાબરકાંઠા	૯૪	૩૭	૫૮	૨૪	૧૩૩	૩૬	૮૫	૪૬૭	૬,૨૧,૬૦૦
વડોદરા	૪૪	૧૭	૪૪	૧૬	૨૫	૭	૧૨	૧૬૫	૨,૯૪,૬૦૦
વલસાડ	૨૧	૧૪	૨૪	૭	૩	૮	૧૫	૯૨	૧,૨૭,૫૦૦
કુલ	૧૮૭	૮૯	૧૪૬	૫૯	૨૦૬	૫૮	૧૫૦	૮૯૫	૧૨,૨૧,૧૫૦
ટકા	૨૦.૮૯	૯.૯૪	૧૬.૩૧	૬.૫૯	૨૩.૦૨	૬.૪૯	૧૬.૭૬	૧૦૦.૦૦	

કોઠા નં.૨.૧૨

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક દર્શાવતું વર્ગીકરણ(રૂા.માં)

જિલ્લાનું નામ	ખેતી			પશુપાલન		
	કુલ આવક	કુલ ખર્ચ	ચોખ્ખી આવક	આવક	ખર્ચ	ચોખ્ખી આવક
બનાસકાંઠા	૨૦૬૫૦૦	૭૯૫૦૦	૧૨૭૦૦૦	૪૧૫૦૦	૧૪૦૦૦	૨૭૫૦૦
સાબરકાંઠા	૩૩૮૫૦૦	૧૪૪૦૦૦	૧૯૪૫૦૦	૧૭૪૭૦૦	૩૬૨૦૦	૯૮૫૦૦
વડોદરા	૨૮૧૦૦૦	૧૩૩૦૦૦	૧૪૮૦૦૦	૬૬૫૦૦	૨૪૫૦૦	૪૨૦૦૦
વલસાડ	૩૭૩૫૦૦	૧૧૮૫૦૦	૨૫૫૦૦૦	૩૩૦૦૦	૯૫૦૦	૨૨૫૦૦
કુલ	૧૧૯૯૫૦૦	૪૭૫૦૦૦	૭૨૪૫૦૦	૨૭૪૭૦૦	૮૪૨૦૦	૧૯૦૫૦૦
ટકા			૫૫.૬૦			૧૪.૭૦

(કોઠો ચાલુ)

કોઠા નં.૨.૧૨(ચાલુ)

જિલ્લાનું નામ	ખેતમજૂરી	છૂટકમજૂરી	નોકરી	વેપાર	અન્ય ધંધો	કુલ આવક	કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક
બનાસકાંઠા	૩૫૦૦	૧૦૦૦	-	-	-	૧૫૯૦૦૦	૧૧૩૫૭
સાબરકાંઠા	૪૫૦૦	૨૮૨૦૦	૧૩૪૦૦૦	૩૦૦૦	૧૬૨૫	૫૦૪૩૨૫	૧૦૫૦૬
વડોદરા	૫૦૦૦	૨૦૭૦૦	૩૬૦૦૦	૧૦૦૦	-	૨૫૫૧૭૦૦	૧૦૨૨૮
વલસાડ	૨૦૦૦	૧૫૦૦	૮૦૦૦૦	૬૦૦૦	૧૦૦૦૦	૩૭૭૦૦૦	૨૫૧૩૩
કુલ	૧૫૦૦૦	૫૧૪૦૦	૨૯૩૦૦૦	૧૦૦૦૦	૧૧૬૨૫	૧૨૯૬૦૨૫	૧૨૭૦૬
ટકા	૧.૧૫	૩.૯૭	૨૨.૬૧	૦.૭૭	૦.૯૦	૧૦૦.૦૦	

કોઠા નં.૨:૧૩માં વપરાશી ખર્ચ બતાવ્યું છે. તેમાં કુલ ૧૦૨ કુટુંબોનું વાર્ષિક વપરાશીખર્ચ ૯૮૬૨૦૦૦ રુપિયા જોવા મળે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ ૯૬૬૮ રુપિયા થાય. કુલખર્ચના ૪૯.૦૩% ખર્ચ ખાદ્યા-ખોરાકી પાછળ, ૨૩.૧૩% ખર્ચ કપડાં-પગરખાં પાછળ, ૭.૩૩% ખર્ચ સામાજિક પ્રસંગો પાછળ, ૪.૨૩% ખર્ચ ધાર્મિક પાછળ, ૭.૫૦% ખર્ચ બાળકોને ભણાવવા પાછળ, ૪.૫૬% ખર્ચ મોજશોખ-મનોરંજન પાછળ અને ૪.૨૨% ખર્ચ અન્ય એટલે કે બિમારી હોય અથવા આકસ્મિકખર્ચ આવી પડયો હોય વગેરે જોવા મળે છે.

કુલ ૧૦૨ કુટુંબમાંથી ૯૫ (૯૩.૧૪%) કુટુંબોએ ૬૯૧૧૯૬ રુપિયા દેવું કર્યું છે. એટલે કે દેવાદાર કુટુંબદીઠ દેવું ૭૨૭૬ રુપિયા થયું. સાબરકાંઠા, વડોદરા અને વલસાડ જિલ્લાના કુટુંબોમાં દેવાદાર કુટુંબદીઠ દેવું પ્રમાણમાં વધારે જોવા મળે છે. કોઠા નં.૨:૧૪માં વિગતે જોઈ શકાશે. સમગ્ર રીતે કુલ દેવાદાર કુટુંબો દેવામાંથી ૯૦.૯૪% દેવું સહકારી મંડળીઓ, ૩.૨૭% દેવું બેન્કનું, ૪.૪૯% દેવું શાહુકાર વેપારીઓનું, ૦.૪૩% દેવું સરકારી અને ૦.૮૭% દેવું સગાસંબંધીઓનું જોવા મળે છે. ટૂંકમાં મોટાભાગનું એટલે કે લગભગ ૯૧ ટકા જેવું દેવું તો સહકારી મંડળીઓનું જ છે.

હેતુવાર દેવું કોઠા નં.૨:૧૫ પ્રમાણે જોઈએ તો કુલ દેવાના ૧૯.૮૭% દેવું ખેતી માટે, ૭૬.૫૪% દેવું પિયત સાધનો ખરીદવા માટે, ૦.૪૧% દેવું પશુધન ખરીદવા માટે, ૦.૮૭% દેવું ઘરખર્ચ માટે, ૦.૮૭% દેવું સામાજિક માટે અને ૧.૪૪% દેવું વેપાર ધંધો કરવા માટે કરવું પડયું છે. ટૂંકમાં મોટાભાગનું દેવું પિયત સુવિધા વધારવા એટલે કે ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટરપંપ અથવા સબમર્શીબલપંપ, પાઈપલાઈન વગેરે વસાવવા અને ખેતી માટે બીજ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે ખરીદવા ખાસ કરીને સહકારી મંડળી મારફત સહાય થઈ છે. એટલે કે સહકારી મંડળીઓએ ધીરાણ કરેલ છે. જો કે એ પણ જાણવા મળ્યું છે કે ભૂતકાળમાં ગુજરાત સરકારે દેવા નાબુદીમાં પાછળનું દેવું માફ કરી દીધેલ હતું. અને ભવિષ્યમાં પણ દેવું કદાચ માફ થાય તે ગણતરીએ સહકારી મંડળીઓમાંથી બને તેટલું વધારે દેવું કરવા પ્રેરાયા છે.

દેવાની સાથે દેવુ ક્યારે કર્યું તે અગત્યનું છે. જો કે કોઠા નં.૨:૧૬માં વર્ષવાર આંકડા બતાવ્યા છે. તેમાં કેટલાક કિસ્સાઓમાં એકજ વ્યકિતએ બે પ્રકારનું દેવું કર્યું હોય તો તેઓને સમય જુદો જુદો પણ હોઈ શકે અને તે રીતે કુલ ૯૭ની સંખ્યા જોવા મળે છે. કુલના ૧૦.૩૧% ચાલુ વર્ષે, ૪૭.૪૨% બે વર્ષથી, ૧૨.૩૭% ત્રણ વર્ષથી, ૮.૨૫% ચાર વર્ષથી, ૧૨.૩૭% પાંચ વર્ષથી, ૧.૦૩% છ વર્ષથી, ૨.૦૬% સાત વર્ષથી અને ૬.૧૯% દશ વર્ષથી વધારે સમયનું દેવું બતાવે છે. વ્યાજના દરની રીતે જોઈએ તો થોડાક કિસ્સાઓ વ્યાજ વિષે જવાબ આપી શકતા નથી. પણ કુલ ૮૬ જવાબ મળ્યા છે. તેમાં કુલના ૧૦.૪૭% જવાબ આઠ ટકાના દરે, ૪૬.૫૧% જવાબ દશ ટકા ના દરે, ૧૩.૯૫% જવાબ અગિયાર ટકાના દરે, ૨૪.૪૨% જવાબ બાર ટકાના દરે, ૨.૩૩% જવાબ પંદર ટકાના દરે, ૧.૧૭% જવાબ અઢાર ટકાના દરે અને ૧.૧૬% જવાબ ચોવીસ ટકાના દરે દેવું કરેલ બતાવે છે. વિગતે આંકડા કોઠા નં.૨:૧૭માં બતાવ્યા છે.

કોઠા નં.૨:૧૩

વાર્ષિક વપરાશી ખર્ચ (રૂપિયામાં)

જિલ્લાનું નામ	ખાદ્યાખોરાકી	કપડાં પગરખાં	સામાજિક	ધાર્મિક	શૈક્ષણિક	મોજશોખ મનોરંજન	અન્ય	કુલ વાર્ષિકખર્ચ	કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશીખર્ચ
બનાસકાંઠા	૭૧૩૦૦	૩૧૮૦૦	૧૧૧૦૦	૪૯૫૦	૩૧૫૦	૩૭૫૦	૪૨૦૦	૧૩૦૨૫૦	૯૩૦૩
સાબરકાંઠા	૨૦૧૨૦૦	૯૧૪૦૦	૨૩૫૦૦	૧૧૭૦૦	૩૯૬૫૦	૧૦૫૫૦	૧૨૯૦૦	૩૯૦૯૦૦	૮૧૪૩
વડોદરા	૧૦૮૫૦૦	૫૭૯૦૦	૧૬૭૦૦	૯૩૦૦	૧૨૭૫૦	૧૧૦૦૦	૯૩૦૦	૨૨૫૪૫૦	૯૦૧૮
વલસાડ	૧૦૨૫૦૦	૪૭૦૦૦	૨૧૦૦૦	૧૫૮૦૦	૧૮૪૦૦	૧૯૭૦૦	૧૫૨૦૦	૨૩૯૬૦૦	૧૫૯૭૩
કુલ	૪૮૩૫૦૦	૨૨૮૧૦૦	૭૨૩૦૦	૪૧૭૫૦	૭૩૯૫૦	૪૫૦૦૦	૪૧૬૦૦	૯૮૬૨૦૦	૯૬૬૮
ટકા	૪૯.૦૩	૨૩.૧૩	૭.૩૩	૪.૨૩	૭.૫૦	૪.૫૬	૪.૨૨	૧૦૦.૦૦	

કોટા ન.૨:૧૪

દેવું(રૂપિયામાં)

જિલ્લાનું નામ	શાહુકાર/ વેપારી	બેન્ક	સહકારી મંડળી	સરકારી	સગાસંબંધી	કુલ દેવું	દેવાદાર કુટુંબદીઠ દેવું	દેવાદાર કુટુંબો
બનાસકાંઠા	–	૧૬૦૦	૬૩૨૦૦	–	–	૬૪૮૦૦	૪૬૨૮	૧૪
સાબરકાંઠા	૨૫૦૦૦	૨૦૦૦	૩૨૪૮૦૦	–	૬૦૦૦	૩૫૭૮૦૦	૭૭૭૮	૪૬
વડોદરા	૫૦૦૦	–	૧૭૪૭૦૦	૩૦૦૦	–	૧૮૨૭૦૦	૭૬૧૩	૨૪
વલસાડ	૧૦૦૦	૧૯૦૦૦	૬૫૮૯૬	–	–	૮૫૮૯૬	૭૮૦૯	૧૧
કુલ	૩૧૦૦૦	૨૨૬૦૦	૬૨૮૫૯૬	૩૦૦૦	૬૦૦૦	૬૯૧૯૬	૭૨૭૬	૯૫
ટકા	૪.૪૯	૩.૨૭	૯૦.૯૪	૦.૪૩	૦.૮૭	૧૦૦.૦૦		

કોઠા નં.૨:૧૫

હેતુવાર દેવું(રૂપિયામાં)

જિલ્લાનું નામ	ખેતી માટે	પિયત સાધનો ખરીદવા	પશુધન ખરીદવા	ધાર્મિક	સામાજિક	વેપારધંધા માટે	કુલ
બનાસકાંઠા	૮૦૦	૬૩૨૦૦	૮૦૦	--	-	-	૬૪૮૦૦
સાબરકાંઠા	૫૮૦૦૦	૨૯૧૮૦૦	૨૦૦૦	-	૬૦૦૦	-	૩૫૧૭૮૦૦
વડોદરા	૭૦૧૭૦૦	૧૦૧૭૦૦૦	-	૫૦૦૦	-	-	૧૮૨૭૦૦
વલસાડ	૭૮૪૦	૬૭૦૫૬	-	૧૦૦૦	-	૧૦૦૦૦	૮૫૮૯૬
કુલ	૧૩૭૩૪૦	૫૨૯૦૫૬	૨૮૦૦	૬૦૦૦	૬૦૦૦	૧૦૦૦૦	૬૯૧૧૯૬
ટકા	૧૯.૮૭	૭૬.૫૪	૦.૪૧	૦.૮૭	૦.૮૭	૧.૪૪	૧૦૦.૦૦

કોઠા નં.૨:૧૬

દેવું કયાંનો સમય દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

જિલ્લાનું નામ	ચાલુ વર્ષે	૨ વર્ષ	૩ વર્ષ	૪ વર્ષ	૫ વર્ષ	૬ વર્ષ	૭ વર્ષ	૮ વર્ષ	૯ વર્ષ	૧૦ વર્ષ થી વધુ	કુલ
બનાસકાંઠા	–	૭	–	૭	–	–	૨	–	–	–	૧૬
સાબરકાંઠા	૭	૨૭	–	–	૧૦	–	–	–	–	૨	૪૬
વડોદરા	૨	૧૨	૫	૧	–	–	–	–	–	૪	૨૪
વલસાડ	૧	–	૭	–	૨	૧	–	–	–	–	૧૧
કુલ	૧૦	૪૬	૧૨	૮	૧૨	૧	૨	–	–	૬	૯૭
ટકા	૧૦.૩૧	૪૭.૪૨	૧૨.૩૭	૮.૨૫	૧૨.૩૭	૧.૦૩	૨.૦૬	–	–	૬.૧૯	૧૦૦.૦૦

કોઠા નં.૨:૧૭

વ્યાજના દર દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

જિલ્લાનું નામ	૮%	૧૦%	૧૧%	૧૨%	૧૫%	૧૮%	૨૪%	કુલ
બનાસકાંઠા	૨	૧૩	–	૧	–	–	–	૧૬
સાબરકાંઠા	–	૨૩	૧૧	૧	–	–	૧	૩૬
વડોદરા	૭	૪	૧	૧૨	–	–	–	૨૪
વલસાડ	–	–	–	૭	૨	૧	–	૧૦
કુલ	૯	૪૦	૧૨	૨૧	૨	૧	૧	૮૬
ટકા	૧૦.૪૭	૪૬.૫૧	૧૩.૯૫	૨૪.૪૨	૨.૩૩	૧.૧૬	૧.૧૬	૧૦૦.૦૦

પ્રકરણ – ૩

લાભાર્થીઓનો પરિચય: માનસિક વલણ

પ્રસ્તુત પ્રકરણમાં જે તે મંડળી દ્વારા ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટર પંપ કેવી રીતે મળ્યા, શું મુશ્કેલીઓ પડી, શું ફાયદા થયા, કેટલી જમીન પિયત થઈ અથવા થવાની છે અને કયા પ્રકારના પાકમાં પરિવર્તન આવ્યું, કેટલીવાર પાક લેતા થયા, પાણી પૂરતું છે કે કેમ અને શું શું સમસ્યાઓ છે વગેરે બધી બાબતો જોવાનો પ્રયત્ન છે.

સેવાસહકારી મંડળીના એવા સભાસદો કે જેઓ કૂવો ધરાવતા હોય અને તેમાં બરાબર પાણી હોય અથવા નજીકમાંથી નહેર પસાર થતી હોય અથવા ગમે તે રીતે પાણી મળી શકતુ હોય તેવા ખેડૂત સભાસદોને આદિજાતિ વિકાસ કોર્પોરેશને મંડળી મારફત ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ અથવા સબમર્શિબલપંપ આપવાની યોજના અમલમાં છે. ઘણા વર્ષોથી આ યોજના ચાલે છે. પણ છેલ્લા પાંચેક વર્ષથી આનું અમલીકરણ ઠીક ઠીક છે. આપણા અભ્યાસમાં આગળના પ્રકરણમાં જણાવ્યું છે તેમ કુલ ૧૩ સેવા સહકારી મંડળીઓના નમૂનાના ૧૦૨ સભાસદો આ યોજનાના લાભાર્થીઓ છે.

કુલ ૧૦૨ લાભાર્થીઓમાંથી ૫૩ લાભાર્થીઓએ ઓઈલ એન્જીનનો લાભ લીધો છે. અને ૪૯ લાભાર્થીઓએ ઈલેકટ્રીક મોટરપંપ યોજનાનો લાભ લીધો છે. કોઠા નં.૩:૧માં ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપના કોરસપાવર મુજબનું વર્ગીકરણ દર્શાવ્યું છે. તે જોતાં કુલના ૬૩.૭૩% પાંચ કોર્સ પાવરવાળા ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ, ૧૮.૬૬% આઠ કોર્સ પાવરવાળા ઓઈલ એન્જીન, ૧૪.૭૦% દશ કોર્સ પાવરવાળા ઓઈલ એન્જીન અને ૨.૯૪% ત્રણ કોરસપાવરવાળા ઈલેકટ્રીક મોટરપંપ મેળવેલ છે. મોટેભાગે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓમાં વધુ કોર્સ પાવર-વાળા ઓઈલ એન્જીન જોવા મળ્યાં છે. એટલે કે આ વિસ્તારના કૂવાઓ ઘણા ઊંડા હોઈ શકે જેથી વધારે કોર્સ પાવર ધરાવતાં સાધનો બરાબર પાણી ખેંચી શકે.

આ સાધનો કેટલા સમયથી મળ્યાં છે તે જાણવા પ્રયત્ન કર્યો છે. તેમાં લગભગ ત્રણથી બાર વર્ષ સુધીના સમયગાળાવાળા લાભાર્થિઓ જોવા મળ્યા છે. ખાસ અગત્યનું એ છે કે અરજી કર્યા પછી કેટલા સમયે સાધન મળ્યું છે તે જોવાનું છે. કોઠા નં.૩:૨માં વિગતે આંકડા બતાવ્યા છે. તેમાં કુલના ૪૪.૧૨% લાભાર્થિઓને ૨ માસે, ૧૫.૬૯% લાભાર્થિઓને ૩ માસે, ૧૦.૭૮% લાભાર્થિઓને ૬ માસે, ૯.૮૦% લાભાર્થિઓને ૮ માસે અને ૧૯.૬૧% લાભાર્થિઓને ૧૨ માસે જે તે સાધન મળી શકયું છે. ટૂંકમાં થોડાઘણા લાભાર્થિઓને વધારે સમય ગયાબાદ જે તે સાધનો મળ્યાં છે જે વહીવટી મુશ્કેલી ગણી શકાય.

આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જે તે મંડળીઓના સભાસદોને ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ અથવા સબમર્શીબલ પંપ માટે લોન આપવામાં આવે છે. તે રીતે કુલ ૧૦૨ લાભાર્થિઓને ૧૦૬૪૯૫૦ રૂા. એટલે કે લાભાર્થીદીઠ સરેરાશ રકમ ૧૦૪૪૦ રૂપિયા લોન પેટે ધીરેલ છે. આ સૌને જે તે તાલુકા વિકાસ અધિકારીની કચેરી દ્વારા જુદી જુદી યોજના હેઠળ સબસીડી આપવામાં પણ આવરી લેવામાં આવે છે. આમ છતાં કુલ ૧૦૨ લાભાર્થિઓમાંથી ૨૫ લાભાર્થિઓને સબસીડી બીલકુલ મળી નથી તે હકીકત છે. જે તે મંડળીઓ સક્રિય પ્રયત્નો કરે છે. આમ છતાં તાલુકા મથકે અથવા જિલ્લા મથકેથી વહિવટી મુશ્કેલીઓના કારણે તેઓને વારંવાર અવારનવાર જવું પડે છે. અને હજુ પણ ચોથાભાગના લાભાર્થિઓએ સબસીડી મળી નથી. સબસીડી મળશે તેવી આશા વ્યકત કરે છે. પણ સમય ઘણો જતો રહે છે. કુલ ૭૭ લાભાર્થિઓને ૩૫૪૭૭૭ રૂપિયા સબસીડી મળી છે. એટલે કે જેઓને સબસીડી મળી છે તેવા લાભાર્થીદીઠ સરેરાશ સબસીડીની રકમ ૪૬૦૭ રૂપિયા જોવા મળી છે.આ સાધનો માટેની જે લોન મળી છે તેના હપ્તા જે તે લાભાર્થિઓએ મંડળીમાં ભરવાના રહે છે. મોટેભાગે વર્ષમાં બે હપ્તાથી રકમ લેવાય છે. આમ છતાં થોડીઘણી મંડળીઓ વર્ષમાં એકજ હપ્તે રકમ લે છે. સર્વેદિાન ૧૦૨ લાભાર્થિઓમાંથી ૪૭ લાભાર્થિઓએ (૪૬.૦૮%) લોન પેટે એકપણ હપ્તો ભર્યો નથી. એટલે કે બાકીના ૫૫ લાભાર્થિઓએ (૫૩.૯૨%) કુલ ૨૧૦૭૨૧ રૂપિયા લોન પેટે જે તે મંડળીમાં રકમ ભરપાઇ કરી છે. ભરપાઇ કરેલ લાભાર્થી દીઠ સરેરાશ રકમ ૩૮૩૧ રૂા.છે.

કુલ લોનના ૫૪.૮૦% રકમ હજુ ભરવાના બાકી છે. આમ વસુલાત કરવાની લોનનું પ્રમાણ મોટું કહેવાય. કુલ ૫૮૩૫૬૪ રુપિયા બાકી લોન છે. એટલે કે લાભાર્થીદીઠ સરેરાશ બાકી લોનની રકમ ૫૭૨૧ રુપિયા થાય. વિગતે કોઠા નં.૩:૩ માં આંકડા બતાવ્યા છે જે સહેલાઈથી જોઈ શકાશે.

સમયસર લોન ન ભરી હોય અથવા બીલકુલ લોન ના ભરી હોય તે અંગે જાણવા પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને ખેતઉત્પાદન ઓછુ આવવાથી અથવા ખેતી બરાબર નહી થવાથી અને ખર્ચ વધારે પડતો થઈ જવાથી રોકડ રકમ હાથ પર રહેતી નથી. આર્થિક, સામાજિક, માંદગી વગેરે પાછળ થતા ખર્ચ ઓ પણ જવાબદાર છે. થોડાઘણાનું એવું પણ માનવું છે કે દેવા નાબુદીના કાર્યક્રમમાં દેવું માફ થઈ જશે. આમ થોડા કારણો અહી જાણવા મળ્યા છે.

ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર પંપ વગેરે સાધનો ખરીદવા માટે કોટેશન મેળવવું જરૂરી છે. મંડળી પોતે અથવા કેટલાક જાગૃત લાભાર્થીઓ જે તે વિસ્તારમાં નજીકના તાલુકા મથકે અથવા નજીકના મોટા ગામેથી જે તે દુકાનોએથી કોટેશન મેળવી લે છે. સહેલાઈથી મળી રહે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે થોડાઘણા લાભાર્થીઓએ થોડો ખર્ચ પણ કરવો પડયો છે. ખાસ કરીને ટલાટીને, તાલુકા વિકાસ અધિકારીની કચેરીના કર્મચારીઓને વગેરેને અમુક રકમ ચાપવી પડે છે. જેથી સબસીડીની રકમ મંજૂર થઈ સમયસર મળે. એવું પણ બને કે આવી રકમ મંડળીના પ્રમુખ અથવા મંત્રી અથવા કાર્યકર જે તે લાભાર્થીઓ પાસે લઈ પોતે રાખે અને લાભાર્થીઓને ગેરમાર્ગે દોરવાનું કામ કરે. આમ છતાં ઘણા લાભાર્થીઓનુ એવુ માનવું છે કે થોડી રકમ ખવડાવ્યા વિના સબસીડી મળતીનથી. આપણા અભ્યાસમાં પણ હજુ લગભગ ચોથાભાગના લાભાર્થીઓને સબસીડી મળવાની બાકી છે તે હકીકત છે.

અભ્યાસના લાભાર્થીઓ પાણી ક્યાંથી લે છે અને તે પૂરતું છે કે નહી તે જોઈએ તો વલસાડ જિલ્લાના માત્ર સાત લાભાર્થીઓ કૂવા વગરના છે અને નહેરમાંથી પાણી લે છે. જ્યારે બાકીના ૮૫ લાભાર્થીઓ પોતાના અથવા ભાઈઓના ભાગમાં આવતા કૂવાઓમાંથી પાણી લે છે તેવું જોવા મળ્યું છે. ખાસ એ અગત્યનું છે કે પાણી પૂરતું છે કે નહી તે રીતે ૩૮.૨૪% લાભાર્થીઓનું કહેવું છે.કે પાણી પૂરતું છે, જ્યારે ૬૧.૭૬% લાભાર્થીઓનું કહેવું છે કે, પાણી પૂરતું

નથી. જેઓ ના જવાબ નકારાત્મક છે તેઓ પાસેથી એ પણ જાણવા પ્રયત્ન કર્યો છે કે દિવસ દરમ્યાન કેટલા કલાક પાણી મળી શકે છે?

આમાં કેટલાકે એક કરતાં વધારે જવાબો આપ્યા છે તે રીતે કુલ ૭૭ જવાબો મળ્યા છે જે કોઠા નં.૩:૪ માં દર્શાવ્યા મુજબ છે. કુલના ૬૧.૦૪% જવાબ એવા છે કે ૨૪ કલાક દરમિયાન માત્ર બે કલાક જેટલુંજ પાણી મળી રહે છે. જ્યારે ૧૧.૬૯% જવાબ ચાર કલાક જેટલું, ૬.૪૯% જવાબ છ કલાક જેટલું, ૨.૬૦% જવાબ બાર કલાક જેટલું, ૨૪ કલાક દરમિયાન પાણી મળી રહે છે. અને ૧૮.૧૮% જવાબ એવા છે કે ઉનાળામાં પાણી ઓછું મળે છે. ટૂંકમાં મોટો વર્ગ એવો છે કે બે કલાક જેટલુંજ ૨૪ કલાક દરમિયાન પાણી મળે છે. અને દિવસમાં બે કે ત્રણ વખત પ્રયત્નથી માટલુંજ પાણી મળે છે. તે દુ:ખની વાત કહેવાય. ખાસ કરીને કૂવામાં પાણી ઘટી જાય ત્યારે મશીન બંધ કરવામાં આવે છે. જ્યારે પાણીનો જથ્થો ભેગો થાય ત્યારે ફરી મશીન ચાલુ કરે છે. અને તે રીતે પાકનો વિસ્તાર મર્યાદિત નકકી કરે છે. કેટલાક ખેડૂતો ઉનાળાના પાક કરતા જ નથી. ઘણાં લાભાર્થીઓએ કૂવા ઉંડા કર્યા છે, ઘણાએ બોર બનાવડાવ્યા છે. કેટલાકે આડા બોર પણ બનાવડાવ્યા છે અને આ રીતે પાણી પૂરતું મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. સફળ પણ થયા છે.

હિરપરી ગામ (પાવી જેતપુર)ના પાંચેક લાભાર્થીઓને વિજળી જોડાણ મળ્યું નથી તેથી યોજનાના લાભ રૂપે મળેલ ઈલેકટ્રીક મોટર પંપ તેજ સ્થિતિમાં બંધ હાલતમાં છે. થોડાક કિસ્સાઓમાં મશીન વગેરે બગડી જવાથી બંધ હાલતમાં રહેવાની શકયતા છે. આવા સાધનો બગડે ત્યારે નજીકના મોટા મથકેથી કારીગર બોલાવી સાધન રીપેર કરાવવા હોય છે. તે પાછળ ખર્ચ પણ કરવો પડે છે. સ્પેરપાર્ટ નવો નાંખવો પડે તો તે ખરીદવા પડે છે. અને તે રીતે જે તે સાધનો બરાબર કેર છે. ગ્રામ્ય વિસ્તારમાં વિજળી પૂરતી મળતી નથી તે હકીકત છે. આમ છતાં પાણી પૂરતું નહી હોવાથી વિજ પૂરવઠો પૂરતો છે પણ રાત્રે પિયત કરવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થાય છે. ઓઈલ એન્જીન માટે કેટલાક ઠેકાણે ડિઝલ અથવા ઓઈલ લેવા ઘણે દૂર જવું પડે છે. કયારેક સ્થાનિક વેપારી પાસેથી વધારે રકમ આપી પણ ખરીદવું પડે છે.

આવુ થોડાં ઊંડાણના ગામોના લાભાર્થીઓને સહન કરવું પડે છે. જો કે આવી પરિસ્થિતિવાળા ગામોમાં મંડળીને ડીઝલ વેચવાનો પરવાનો અવશ્ય આપવો જોઈએ. ક્યારેક લાભાર્થીઓ ડીઝલ ન મળે ત્યારે કેરોસીનનો ઉપયોગ કરી પોતાનું કામ પૂરું પાડે છે પણ આમ કરવાથી મશીનને નુકશાન થવાની પૂરેપુરી સંભાવના છે. તેઓને ડીઝલ કરતાં કેરોસીન ઓછા ભાવે મળે છે અને સહેલાઈથી મળી રહે છે માટે કેરોસીનનો ઉપયોગ કરે છે. અને અંતે મશીનને નુકશાન તરફ કાર્યરત બને છે.

આગળના પ્રકરણમાં બતાવ્યું છે કે કુલ જમીન ૪૨૨.૨૬ એકર છે. અને તેમાંથી ૨૯૩.૯૮ એકર જમીન પિયત છે. અહીં આપણે એ જરૂરી છે કે ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ યોજનાથી જે તે લાભાર્થીઓની કેટલી જમીન પિયત થાય છે તે રીતે જોતાં નમૂનાના તમામ લાભાર્થીઓની પોતાની કુલ ૨૬૭.૩૪ એકર જમીન પિયત જોવા મળે છે. એટલે કે લાભાર્થી-દીઠ સરેરાશ ૨.૨૫ એકર જમીન પિયત થાય. આ સિવાય બીજાની, એટલે કે લાભાર્થીની નહી પણ જે તે લાભાર્થીના ભાઈઓની અથવા અન્ય ખેડૂતોની જમીનમાં પાણી વેચાતુ આપીને અથવા બીજાની જમીનમાં પાકનો અમૂક ભાગ નકકી કરી વધારાની જમીનમાં પિયત કર્યું હોય તેવા કુલ ૩૩ કિસ્સાઓ જોવા મળ્યા છે. ટૂંકમાં પોતાની જમીન ઉપરાંત બીજાની જમીનમાં પાણી આપ્યું હોય તેવા ૩૩ લાભાર્થીઓએ ૧૨૭.૨૫ એકર જમીન વધારાની પિયત કરાવી છે. અને તે પેટે વધારાની આવક રૂપિયા ૭૭૬૦૦ મેળવી છે. કોઠા નં.૩:૫માં આ અંગેનું વર્ગીકરણ બતાવ્યું છે.

ઉત્તરદાતાઓ પાસેથી એ જાણવા મળ્યું છે કે પિયત સાધનોના લાભથી પાક ઉત્પાદનમાં વધારો થયો છે. તેમાં ૪૩.૧૪% ઉત્તરો એવા મળે છે કે પાક ઉત્પાદન બમણું થયું છે અને ૫૬.૮૬% ઉત્તરો પાકમાં થોડું ઉત્પાદન વધ્યું છે તેમ દર્શાવે છે. બીજી રીતે એ પણ જાણવા પ્રયત્ન કર્યો છે કે વર્ષમાં કેટલા પાક લેવામાં આવે છે તેના જવાબમાં કુલના ૬૧.૭૬% જવાબ XXXX એવા છે કે વરસમાં બે પાક લઈએ છીએ જ્યારે બાકીના ૩૮.૨૪% જવાબ વરસમાં ત્રણ પાક પિયત સાધનોથી લેવાય છે. આ અંગેના આંકડા કોઠા નં.૩:૬માં દર્શાવ્યા છે. જે સહેલાઈથી જોઈ શકાશે. નવા પાકો વિષે પણ જોવું જરૂરી છે.

પિયત સાધનોના લાભ મળ્યા પછી કયા કયા નવા પાક કરવા પ્રેરાયા અથવા કરે છે તે અંગે જોઈએ તો કોઠા નં.૩:૭માં પાક થયા અંગેનું વર્ગીકરણ બતાવ્યું છે. તેઓ પોતે પરંપરાગત રીતે મકાઈ, ડાંગર, કઠોળ વગેરે ચોમાસામાં કરતા હોય છે. પણ શિયાળુ અને ઉનાળુ પાકો આ યોજનાનો લાભ મળવાથી કરતા થયા છે. કેટલાક ઉત્તરદાતાઓએ અથવા લાભાર્થીઓએ એક કરતાં વધારે પાકોના નામ નોંધાવ્યા છે અને તે રીતે કુલ ૨૩૭ની સંખ્યાના ૨૦.૬૭% જવાબ મકાઈ, ૨૫.૩૨% જવાબ ઘઉં, ૨.૯૫% જવાબ રાયડો, ૬.૧૩% જવાબ બાજરી, ૬.૩૩% જવાબ મગફળી, ૩.૭૮% જવાબ અડદ, ૪.૨૨% જવાબ ડાંગર, ૧૩.૦૮% જવાબ મગ, ૧.૬૯% જવાબ જીરુ-વલીયારી, ૨.૫૩% જવાબ ચણા, ૪.૬૪% જવાબ શાકભાજી, ૨.૯૫% જવાબ ઘાસ અને ૫.૯૧% જવાબ શેરડી બતાવે છે. આમ ઘણા નવા પાકો પોત પોતાના પ્રદેશ પ્રમાણે જોવા મળે છે.

જે વિસ્તારમાં અથવા જે લાભાર્થીઓને પૂરતું પાંણી છે તેઓને માટે ઈલેકટ્રીક મોટરપંપ પસંદ છે અથવા ફાયદા-કારક છે. કારણકે મહત્તમ ઉપયોગ કરીં વર્ષો નકકી કરેલ હોર્સપાવરદીઠ વિજળીબીલ ભરવાનું છે. ઉપયોગ કરવામાં સરળતાભર્યું છે. વચ્ચે ખાસ કોઈ ખર્ચાળ નથી. પણ જેઓને પૂરતું પાણી નથી અને માત્ર નહીવત કલાકો પાણી મેળવાતું હોય તો વિજળી-બીલ કરતાં ઓછો લાભ મળે છે. જયાં વિજળીજોડાણ મળ્યાં નથી તેવા સ્થળોએ ઓઈલ એન્જીન વધુ અનુકૂળ આવે છે. તેને એક જગ્યાએથી ઉપયોગ કર્યા પછી બીજી જગ્યાએ અથવા બીજાના ઉપયોગમાં પણ આપી શકાય છે. તે રીતે તે અનુકૂળ છે.

છેલ્લે નમૂનાના લાભાર્થીઓ પાસેથી ખૂટતા નવાં કોઈ પિયત સાધનોની જરૂરીયાત છે કે કેમ તે જાણવા પ્રયત્ન કર્યો છે. અહી ૭૩.૫૩% લાભાર્થીઓના હકારાત્મક જવાબો જોવા મળ્યા છે. જયારે ૨૬.૪૭% જવાબ નકારાત્મક છે. એટલે કે તેઓને કોઈ નવાં સાધનોની જરૂર નથી તેઓને નવા સાધનોની જરૂર છે તેઓના કેટલાકના એક કરતાં વધારે જવાબ જોવા મળ્યા છે. અને તે રીતે જરૂરિયાતની કુલ સંખ્યા ૯૨ની છે. આમ ૧.૦૯% જવાબ ઓઈલ એન્જીન છે પણ ઈલેકટ્રીક મોટર પંપની જરૂર છે, ૫.૪૩% જવાબ ઈલેકટ્રીક મોટરપંપ છે

પણ તેનું ડેબીન નથી તો ડેબીનની જરૂર છે, ૩૧.૫૨% જવાબ પાઈપ લાઈનની જરૂર છે, ૪૪.૫૧% જવાબ કૂવામાં બોર કરાવવાની જરૂર છે, ૧૭.૩૯% જવાબ કૂવો વધારે ઊંડો કરવાની જરૂર છે. વગેરે સૂચનો અથવા માગણીઓ છે. ટૂકમાં કેટલીક જગ્યાએ પાણી પૂરતું નથી તે ઉપરાંત મોટાભાગે કૂવામાં બોર બનાવવાની અને કૂવા વધારે ઊંડા કરાવવાની માગણી મોટી જોવા મળે છે. કોઠા નં.૩:૮ માં આંકડા જોવાથી સ્પષ્ટ થશે.

કોઠા નં.૩:૫

ઓઈલ એન્જીન/ઈલેકટ્રીક મોટરપંપ યોજનાથી પિયત થતી જમીન (એકરમાં)

જિલ્લાનું નામ	પોતાની જમીન	બીજાની જમીન	વધારાની આવક (રૂપિયામાં)
બનાસકાંઠા	૪૨.૨૦	૪૬.૦૦	૨૧૫૦૦
સાબરકાંઠા	૧૧૫.૯૨	૪૧.૦૫	૨૨૦૦૦
વડોદરા	૫૭.૩૨	૧૫.૦૦	૧૪૩૦૦
વલસાડ	૫૨.૨૦	૧૫.૨૦	૧૩૮૦૦
કુલ	૨૬૭.૩૪	૧૨૭.૨૫	૭૭૬૦૦

કોઠા નં.૩:૬

પિયતથી પાક ઉત્પાદનમાં થયેલ વધારો દર્શાવતું વર્ગીકરણ

જિલ્લાનું નામ	બમણું ઉત્પાદન	થોડું ઉત્પાદન વધ્યું	વરસમાં બે પાક	વરસમાં ત્રણ પાક	કુલ
બનાસકાંઠા	૬	૮	૭	૭	૧૪
સાબરકાંઠા	૧૫	૩૩	૩૫	૧૩	૪૮
વડોદરા	૮	૧૭	૨૧	૪	૨૫
વલસાડ	૧૫	–	–	૧૫	૧૫
કુલ	૪૪	૫૮	૬૩	૩૯	૧૦૨
ટકા	૪૩.૧૪	૫૬.૮૬	૬૧.૭૬	૩૮.૨૪	

કોઠા નં.૩:૭

પિયતથી નવા પાકો થયા એનું વર્ગીકરણ

જિલ્લાનું નામ	મકાઇ	ઘઉં	રાયડો	બાજરી	મગ-ફળી	અડદ	ડાંગર	મગ	જીરુ વલી-યારી	ચણા	શાક-ભાજી	ઘાસ	શેરડી	કુલ
બનાસકાંઠા	૧૦	૧૩	૩	૪	૧	૮	૨	૧૧	૪	–	૧	–	–	૫૭
સાબરકાંઠા	૧૪	૪૫	૪	૧૧	૨	–	–	૨૦	–	૬	૨	૭	–	૧૧૧
વડોદરા	૨૫	૧	–	–	૧૧	–	૬	–	–	–	૨	–	–	૪૫
વલસાડ	–	૧	–	–	૧	–	૨	–	–	–	૬	–	૧૪	૨૪
કુલ	૪૯	૬૦	૭	૧૫	૧૫	૮	૧૦	૩૧	૪	૬	૧૧	૭	૧૪	૨૩૭
ટકા	૨૦.૬૭	૨૫.૩૨	૨.૯૫	૬.૩૩	૬.૩૩	૩.૩૮	૪.૨૨	૧૩.૦૮	૧.૬૯	૨.૫૩	૪.૬૪	૨.૯૫	૫.૯૧	૧૦૦.૦૦

કોઠા નં.૩:૮

લાભાર્થીઓને ખૂટતાં નવાં કોઈ પિયત સાધનો અથવા કરવા યોગ્ય વસ્તુઓ

જિલ્લાનું નામ	પિયત સાધનોની જરૂર છે? હા	ના	ઈલેક્ટ્રીક મોટરપંપ	પાઈપ લાઈન	બોર કરવો	કૂવો ઊંડો કરવો.	કેબીન	કુલ
બનાસકાંઠા	૮	૬	૧	૮	-	-	-	૯
સાબરકાંઠા	૪૭	૧	-	૮	૩૬	૧૦	૩	૫૭
વડોદરા	૧૫	૧૦	-	૧૨	૧	૩	૨	૧૮
વલસાડ	૫	૧૦	-	૧	૪	૩	-	૮
કુલ	૭૫	૨૭	૧	૨૯	૪૧	૧૬	૫	૯૨
ટકા	૭૩.૫૩	૨૬.૪૭	૧.૦૯	૩૧.૫૨	૪૪.૫૭	૧૭.૩૯	૫.૪૩	૧૦૦.૦૦

પ્રકરણ – ૪

પસંદ થયેલ મંડળીઓનો યથા સ્થિતિ અહેવાલ

આ પ્રકરણમાં ક્ષેત્રકાર્ય દરમિયાન મુલાકાત લીધેલ ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓ દ્વારા ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ આપ્યા બાબત ચિતાર રજૂ કરેલ છે. તેમાં મંડળીઓના પ્રમુખશ્રી/ મંત્રીશ્રીઓ સાથે રૂબરૂ મુલાકાત દ્વારા કેટલીક વિગતો જાણવા અને સમજવા પ્રયત્ન કર્યો છે. સ્થળ તપાસ કર્યા બાદ આવી યોજનાઓની ખરેખર પરિસ્થિતિ શું છે? અને તેનું નિરાકરણ શું થઈ શકે? વગેરે વિગતો અહીં જોઈશું.

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં મોટા કદની ખેતી વિષય સેવા સહકારી મંડળીઓ અથવા ગ્રુપ ખેતી વિ. સેવા સ.મંડળીઓ અથવા ખેત વિષયક સેવા સ. મંડળીઓ જોવા મળી છે. આ સૌના કાર્યક્ષેત્રના ગામો અનેક હોય છે. તેની પ્રવૃતિઓ જોઈએ તો ખેતી વિષયક બીજ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે પુરુ પાડવાનું છે. તદ્ઉપરાંત સસ્તા અનાજની દુકાન રીતે ખાંડ, તેલ, કાપડ, મસાલા, અનાજ, કેરોસીન વગેરે વેચવાનું કામ હોય છે. ખેતી વિષયક ધીરાણ અને અન્ય યોજનાઓનો લાભ જે તે મંડળીના સભાસદોને આપવાનો હોય છે. આમ મંડળીઓ એક માધ્યમ છે.

મશીન માટેની લોન ઘણા લાભાર્થીઓ ભરતા નથી તેનું કારણ દેવા નાબુદીની રાહ જુએ છે. ટૂકમાં લોન ભરપાઇ ન થવાથી જે તે મંડળીએ કોર્પોરેશનને ટૂકડે ટૂકડે રકમ ભરપાઇ કરવી પડે છે. અને અંતે મંડળીઓ દેવાદાર બનતી જાય છે. જેથી જે તે મંડળીને ફરી બીજી કોઇ યોજનાનો લાભ મળતો નથી જો કે મંડળી ૨% વ્યાજનો દર માર્જીન પેટે રાખે છે. પણ તેનાથી ખાસ ખાધ પુરાતી નથી. એક કારણ એ પણ મોં છે કે કેટલાકને સબસીડી મળી નથી અને તેની રાહ જુએ છે. પછી લોન ભરીશું તેમ વિચારે છે. ૨.૦૦ એકર કરતાં ઓછુ પિયત હોય તો પણ સબસીડી મળતી નથી. આ માટે જિલ્લા પંચાયત દ્વારા વિધી કરવાની હોય છે. અને પ્રત્યુતરમાં નાણાંની ફાળવણી ઓછી છે તેવા જવાબ મળે છે. કેટલીક મંડળીઓ રાજકારણ સાથે સંકળાય છે તેઓને જલ્દી સબસીડી મળે છે તેવું પણ જોવા મળે છે.

ચિકણવાસ મોટા કદની ખેતી સ.મં. લી. વિરમપુર ગામે (પાલનપુર) આવેલી છે. મંડળીના કુલ સભ્યો ૯૭૧ છે અને તેમાંથી આદિવાસી સભ્યો ૭૧૪ છે. ઓઈલ એન્જીનનો લાભ કુલ ૨૬ સભ્યોને મળ્યો છે. તેમાં ચીકણવાસ, પેરચોરી, ધનપુરા, ડાભેલી, ખેમરાજીઆ વગેરે ગામોના ખેડૂતોને ઓઈલ એન્જીનનો લાભ મંડળી દ્વારા આપવામાં આવ્યો છે. કુલ લોન ૨૧૬૦૦૦ રુપિયા મળી છે અને કુલ સબસીડી ૧૯૦૪૦૦ રુપિયા મળી છે. અત્યારે ૭૮૦૦૦ રુપિયા લોન બાકી રહી છે. ખાસ કરીને મશીન મોડા મળવાથી પાંચ સભ્યો લોન ભરી શકયા નથી. મંડળીને વહીવટી ૨% રકમ મળે છે. પણ ખેડૂત સમયસર પૈસા ના ભરે તે ગેરલાભ છે. આ ગામો તાલુકા મથકથી ઘણાં દૂર છે. ઈંબાજી અથવા પાલનપુર ગામે ડીઝલ/ઓઈલ લેવા જવું પડે છે. કયારેક ઊંચા ભાવે લાવવું પડે છે. અને લેવા જવા આવવાનો ખર્ચ વધારે ભોગવવો પડે છે. આ માટે મંડળીને ડીઝલ/ઓઈલ વેચવાનો પરવાનો આપવો જોઈએ. અથવા ગમે તે વ્યવસ્થા ગોઠવાય તેમ કરવું જોઈએ. ડીઝલ/ ઓઈલ ડેપો માટે મંડળીએ સક્રિય રસ લઈ જે તે ખાતાઓ પાસે પત્રવ્યવહાર કર્યો છે. આમ છતાં તેઓને પરવાનો મળ્યો નથી જે ગંભીર બાબત ગણાય.

સાંઢોસી (દાંતા) સેવા સહકારી મંડળી દાંતાથી ખેડબ્રહ્મા વચ્ચેના અંદરના રસ્તા પર આવેલી છે. આ મંડળીના કાર્યક્ષેત્રના કુલ ૧૩ ગામો છે. અને ૧૨૭૨ સભાસદો છે. માત્ર ૧૧ ઓઈલ એન્જીન આ મંડળી દ્વારા મળ્યાં છે. તેમાં મગવાસ, સાંઢોસી, કુકડી, વેકરી, સેકણા વગેરે ગામોના કુલ ૧૧ લાભાર્થીઓને ઓઈલ એન્જીન મળ્યાં છે. અને બધાં અત્યારે ચાલુ હાલતમાં છે. કુલ લોન ૧૩૨૦૦૦ રુપિયા મંડળીને મળી છે. જયારે સબસીડી ૬૫૦૦૦ રુપિયા મળી છે. દેવા પેટે ૩૫૦૦૦ રુપિયા લોન જે તે લાભાર્થીઓ પાસેથી બાકી નીકળે છે. બીજી લોન ભરપાઈ થઈ ચૂકેલ છે. મંડળીએ જે તે લાભાર્થીઓ પાસે ૧૨ માસે ૧૫૦૦ રુ.નો હપ્તો રાખેલ છે. એક લાભાર્થી બીલકુલ રકમ ભરતા નથી. લાભાર્થીઓના દિકરાઓના ઝઘડામાં કોઈ પૈસા ભરતા નથી. મંડળીને આ યોજનાનો લાભ લેવા માટે છ માસ કાર્યવાહી કરી હતી. પણ સમયસર લોન મળે તો એકંદરે સારુ ગણી શકાય. આ મંડળીના લાભાર્થીઓને ડીઝલ/ઓઈલ લેવા માટે દાંતા અથવા ખેડબ્રહ્મા જવું પડે છે. જે બસમાં લગભગ ૮ રુપિયા કરતાં વધારે ભાડું થાય છે. ઘણા દૂર અંતરે જવા આવવાનું ખર્ચ તેમજ સમય

નીકળી જાય છે. આ મંડળી પરવાનો લઇ ડિઝલ વેચે તો સારી રાહત અનુભવે તેમ છે. મશીન બગડે ત્યારે પણ દંતા અથવા ખેડબ્રહ્માથી કારીગરને બોલાવી લાવવો પડે છે. અને સ્પેરપાર્ટ ત્યાંથી વેચાતા લાવવા પડે છે. ગામકક્ષાએ આવડ કારીગર તૈયાર થાય તો મુશ્કેલી દૂર થાય તેમ છે.

ચોરીમાલા (ભીલોડા) ગૃપ સેવા સ.મં. લી. ના કાર્યક્ષેત્રના ગામો ચોરીમાલા, વિરપુર, રામસીંગપુર વગેરે છે. મંડળીની કામગીરી એકંદરે સારી છે. કુલ સભાસદો ૮૩૧ છે. તેમાંથી આદિવાસી સભાસદલ ૭૯૩ છે. આ મંડળી દ્વારા ઓઇલ એન્જીન અને ઇલેકટ્રીક મોટરપંપ બંનેને લાભ કુલ ૮૮ લાભાર્થીઓને મળ્યો છે. બધાં સાધનો અત્યારે ચાલુ છે. કુલ લોનમાં થી ૧,૨૮,૦૦૦ રુપિયા લોન ભરપાઇ થઇ ગઇ છે. જયારે ૮૦,૦૦૦ રુપિયા લોન પેટે બાકી છે. કુલના ૧૧ સભ્યો લોન ભરતા નથી. કુલ ૭૨,૦૦૦ રુપિયા સહાય મળવાની બાકી છે. ૮ સભ્યોની સહાય રકમ બાકી છે તે સહાયની રકમ મળ્યા બાદ તેઓ ભરવા તૈયાર છે. સહાયની રકમ સીધે સીધી લોન આપતી વખતે આપી દેવી જોઇએ તે અંગેની વહીવટી કાર્યવાહી સુગમ બનાવવી જોઇએ તેવું મંડળીનું માનવું છે. ધીરાણ મંજૂર થયા પછી બીલ રજુ કરવાનું હોય છે અને જે તે પાર્ટીને સીધો ચેક અપાય છે. પાણીના તર ઉંડે જવાથી એક સીઝન બરાબર પાણી લઇ શકે છે તેથી કમૂક ખેડૂતો હપ્તા ભરી શકતા નથી. મોટા ખેડૂતોને સહાયની રકમ મેળવવામાં વિલંબ થતો હોવાથી વ્યાજની રકમ ચડત રહે છે. વિજળી જોડાણ મેળવવા માટે બે થી ત્રણ વર્ષ બાદ એસ્ટીમેટની રકમ જાણ કરવામાં આવે છે તે ઘણી મોટી રકમ ભરી શકાતી નથી. અને કનેકશન માટે ઘણાં વર્ષો નીકળી જાય છે તે મોટી મુશ્કેલી ગણી શકાય.

ચોરીમાલા (ભિલોડા) ગૃપ સેવા સ.મં.લી. મારફત તબકકાવાર કુલ ૪૨ લાભાર્થીઓને ઇલેકટ્રીક મોટરપંપ સેટ આપેલ છે. એકંદરે સારી ચાલે છે. વિરપુર ગામમાં કુલ ૧૭ લાભાર્થીઓને લાભ મળ્યો છે. પણ કૂવામાં પૂરતું પાણી રહેતું નથી. શિયાળામાં તબકકાવાર થોડા થોડા સમયે પાણી ચાલુ રહે છે. પછી વહી જાય છે. ઉનાળામાં પણ ૧ કલાકથી ૨ કલાક સુધી પાણી આખા દિવસ દરમ્યાન મળી રહે છે. જો કૂવાઓમાં બોર કરવામાં

આવે તો પાણીની શકયતા છે. ઓછા ખર્ચે બોર થઈ શકે. લગભગ ૫૦૦૦ રુપિયામાં ૧૦૦ ફૂટ બોર થાય તો પાણી વધે. અત્યારે ૨૫ થી ૪૦ ફૂટના કૂવા ગોડેલા છે. વિજળી રાત્રે દિવસે ગમે તે સમયે મળે છે. આખા દિવસમાં બે કલાક વિજળી વપરાય છે. અને બિલ આખા વર્ષનું ૧૭૫૦ રૂા. ભરવાનું આવે છે. ખાસ કોઈ તકલીફ પડતી નથી. પણ ગડધા ખેડૂતોને સબસીડી મળી નથી તેથી તેઓ નારાજ છે. મંડળી દ્વારા વહિવટ હોવાથી સરકારી અધિકારીઓ ગમે તે કારણોસર ધક્કા ખવડાવે છે અને ત્રણ વર્ષથી ત્રણવાર દરખાસ્ત કર્યા પછી આજે પણ સબસીડી બાકી છે. કોઈ રકમની લાલચ મળે તો કામ થવાની શકયતા છે. બાકી ધક્કા ખાવાનું ખેડૂતોને પસંદ નથી.

મંડળી દર છ માસે એટલે કે ૧૫-૬ અને ૩૧-૧૨ મહીનામાં કપાતની ઉધરાણી કરે છે. પોતાના પૈસા મંડળી ભરી દે છે. કોર્પોરેશનને ચેકથી મોકલે છે.

અણસોલ (ભિલોડા) ગૃપ સેવા સ.મ.લી. શામળાજીથી રાજસ્થાન સરહદ પર છે. આ મંડળીની મુલાકાત લીધી તે વખતે તે દિવસે મંડળીની રજાનો દિવસ હતો. મંડળીના પ્રમુખશ્રી રૂબરૂ મળ્યા હતા પણ મંડળી અંગેની વિગતે માહિતી મળી નથી. પાછળથી પત્રવ્યવહાર દ્વારા માહિતી આપવા પ્રમુખશ્રીએ કહેલુ પણ હજુ બે વખત પત્રવ્યવહાર કરવા છતાં કોઈ વિગતો મોકલી શકયા નથી. રૂબરૂ મુલાકાત દ્વારા જે માહિતી મૌખીક મળી છે તેના આધારે આ મંડળી દ્વારા ૩૦ ઓઈલ એન્જીન ૮ હોર્સપાવરવાળા, ૫ ઈલેકટ્રીક મોટરપંપ ૫ હોર્સપાવરવાળા અને ૨ સબમર્શીબલ પંપ ૫ હોર્સપાવરવાળા જે તે સભાસદોને મળ્યા છે. લોન અંગે, સબસીડી અંગે કોઈ ચોકકસ આંકડા મળ્યા નથી.

ઝાબચીતરીયા (ભિલોડા) ગૃપ સે.સ.મ.લી. મારફત કુલ ૧૮ ઓઈલ એન્જીન તેના કાર્યક્ષેત્રના પાંચમહુડી, જાંબુડી અને ઝાબચીતરીયા ગામોના સભાસદોને મળ્યા છે. બધાં મશીન ચાલુ હાલતમાં છે. કુલ લોન ૧,૧૪,૦૦૦ રુપિયા મળી છે. અને સબસીડી ૫૩,૦૦૦ રુપિયા મળી છે. કુલ લોનમાંથી ૮૧,૦૦૦ રુપિયા ભરપાઈ થઈ ગયા છે. અને ૩૩,૦૦૦ રુપિયા

ભરપાઇ કરવાના બાકી છે. ચાર સભાસદો લોન ભરતા નથી. કૂવામાં પાણી ઓછુ હોવાથી લોન ભરી શકતા નથી. તેઓને કાનુની રાહે વસુલાત કરવાની કાર્યવાહી પણ કરવામાં આવે છે. મંડળીનું માનવું છે કે આ સહાય/ધિરાણ અપૂરતું છે. યુનિટ કોષ્ટ વધારે હોવી જોઇએ. ધિરાણ/સહાય મેળવવામાં ઘણો વિલંબ થાય છે. સબસીડી રકમનો ૩૧-૩-૯૩નો સાતમા માસે ચેક મળ્યો. ટૂકમાં સમયસર કામ થતું નથી અને વહીવટી મુશ્કેલીઓ ગમે તે કારણસર ઊભી થાય છે. તો આને સરળ અને બહુજ ઓછા સમયમાં વસ્તુઓ મળે તે રીતે ગોઠવવું જોઇએ. વસ્તુ માટેનું કોટેશન વેપારી પાસેથી મેળવવાનું હોય છે. અને તેનો થતો ખર્ચ જે તે ખેડૂતે ભોગવવો પડે છે. પણ લોન મંજૂર થયે કોટેશન મળી રહે છે. મંડળી દ્વારા આ યોજના મળવાથી ખેડૂતોને ફાયદો થાય અને લોકો ધિરાણના હપ્તા ભરી શકે તે બેંકરે મંડળીનો ફાયદો છે. જ્યારે નુકશાનમાં આ બધેનું ધીરાણ/સહાય મેળવવામાં જે વિલંબ થાય છે તે નુકશાન ગણી શકાય. વિજળીના કનેકશન માટે ત્રણ ચાર વર્ષ નીકળી જાય છે અને વિદ્યુત બોર્ડ સરખા જવાબ આપતુ નથી, તેવો મંડળીનો અભિપ્રાય છે. હાલ કૂવાઓમાં પાણી ઓછા ચાલતાં હોવાથી ખેતી ઓછી થવાની અને જુના કૂવા ઊંડા કરવા લોન, સહાય આપવાની મંડળીની માગણી છે.

ભેટાલી (ભિલોડા) ગૃપ સ.મં.લી.ના કુલ ૫૯૪ સભાસદો છે. તેમાંથી ૩૮૦ આદિવાસી સભાસદો છે અને નવા ભેટાલીના માત્ર બે સભાસદોને ઓઇલ એન્જીન મળ્યા છે. અત્યારે તે બંધ છે. પાણી નથી માટે બંધ છે. કુલ લોન ૨૨૦૦૦ રુપિયા મળી હતી અને કુલ સબસીડી ૧૧૦૦૦ રુપિયા મળી હતી. તેમાંથી લોન માત્ર ૧૦૦૦ રુપિયા ભરાઇ છે. બાકી બધી લોન ભરપાઇ થઇ નથી. પાણી ખેંચાઇ ગયું છે એટલે કે પાણી ઘટી ગયું છે અને તેથી મશીન બંધ છે. મંડળીને વહીવટી ખર્ચ ૨% માર્જીન પેટે મળે છે. તે લાભ ગણી શકાય પણ હપ્તા નહી ભરાય તો નુકશાન જ છે.

ગોઢ-અઢેરા (ભિલોડા) ગૃપ સેવા સ.મં.લી. શામળાજી મેરવો ડેમની પાછળના ભાગમાં છે. ઊંડાણના ગામો છે. મંડળીના કુલ સભાસદો ૨૧૫ છે. અને આદિવાસી સભાસદો ૧૫૦ છે. તેમાંથી કુલ ૧૮ સભાસદોએ સબમર્શીબલપંપની યોજનાનો લાભ લીધો છે. ગોઢ ગામના ૫ સભાસદો અને કુલ્લા ગામના ૧૩

સભાસદોનો આમાં સમાવેશ થાય છે. બધીજ સબમશીબલ ચાલુ હાલતમાં છે. કુલ લોન ૩,૪૨,૦૦૦ રુપિયા મળી છે. અને સબસીડી ૧,૨૬,૦૦૦ રુપિયા મળી છે. કુલ લોન માત્ર ૧૦,૦૦૦ રુપિયા ભરપાઇ થઇ છે. જ્યારે બાકીની રકમ ભરપાઇ થવાની બાકી છે. દરેક સભાસદને ૧૯,૦૦૦ રુપિયા ધીરાણ કર્યું છે. અને સાધનના બીલ પ્રમાણે ૨૪,૦૦૦થી વધારે રકમ ખર્ચ થયું છે. એટલે ઉપરની રકમ જે તે સભાસદે કાઢયા છે. સબસીડી પેટે દરેકને ૭૦૦૦ રુપિયા મળ્યા છે જે પ્રમાણમાં ઓછી રકમ છે. પણ નિયમ પ્રમાણે ૯૫૦૦૦ રુપિયા સબસીડી મળવી જોઇએ, તેવું મંડળીનું માનવું છે. તા.૧-૧૦-૯૨એ યોજના મેળવવા કેસ બનાવ્યા. ૩૦-૭-૯૩એ ધીરાણ મળ્યું અને ૨૫-૧૦-૯૩એ સબસીડી મળી. આમ ઘણો વિલંબ થાય છે. આ લાભ મેળવવા લાભાર્થીદીઠ નકકી કરેલ અમૂક રકમ સંલગ્ન સરકારી કર્મચારીઓને આપવી પડી છે તેવું મંડળીના મંત્રીનું કહેવું છે. આમ છતાં સંતોષકારક અને સમયસર સબસીડી મળી નથી. મંડળીને લોકોની સગવડ વધે અને ૩% વચગાળાનું વહીવટી વ્યાજ મળે તે લાભ છે. ઉપરોત ગ્રુપમાં વિજળી જોડાણ કુલ ૧૮ના મંજૂર થયાં તે લાભ ગણી શકાય. વિજળી જોડાણ ટૂંકાગાળામાં મળે તેવું ગોઠવવું જોઇએ.

છોટાઉદેપુર (ખોસ) ગ્રુપ મોટા કદની સેવા સ.મ.લી.ના કુલ સભ્યો ૫૦૦ છે. તેમાંથી ૪૬૨ આદિવાસી સભ્યો છે. અમાંથી ૬ સભ્યોને ઓઇલ એન્જીન મળ્યાં છે. કૂનવાડના ૩, માનકાના ૨ અને વસેડીના ૧ સભ્યને લાભ મળ્યો છે. બધાંજ મશીન ચાલુ છે. ૧૯૯૦માં ૫ હોર્સપાવરના મોડેલ છે. કુલ લોન ૪૮૦૦૦ રુપિયા મળી છે. અને માત્ર ૪ વ્યકિતઓની કુલ ૧૬૦૦૦ રુપિયા સબસીડી મળી છે, જ્યારે અન્યની બાકી છે. લોન પેટે ૬૦૦૦ રુપિયા ભરપાઇ થયેલ છે અને ૪૨૦૦૦ રુપિયા ભરવાના બાકી છે. બે લાભાર્થીઓએ થોડી રકમ ભરી છે. જ્યારે બાકીના ૪ લાભાર્થીઓએ કોઇ રકમ ભરેલ નથી. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી લોન ભરપાઇ કરેલ નથી. સબસીડી માટે પિયત ૨.૨૦ એકર થવા યોગ્ય ગણાય છે. એક લાભાર્થી પાસે ૮-અ અને ૭-૧૨ના જમીનના દાખલામાં રૂબરૂ જોયું હતું કે તેની જમીનમાં કૂવો છે, વૃક્ષો ઘણાં છે આમ છતાં રેકર્ડમાં કંઇ જ બતાવ્યું ન હતું. આમ તલાટીની ભૂલના કારણે સબસીડી મળે, વારંવાર પ્રયત્ન કરવો પડે છે તેવું જોવા મળ્યું છે. મંડળીને ૨% વહીવટ કરવા વચગાળાનું વ્યાજ મળે છે. પણ

સમયસર લોન મહી મળવાથી એડવાન્સ રકમ આવી ગઇ તેવું ત્રણ માસ સુધીનું વ્યાજ મંડળીએ ભરવું પડયું. ઉપરાંત લાભાર્થિઓ હપ્તા નહી ભરવાથી મંડળીના ભંડોળમાંથી નિગમને રકમ ચૂકવવી પડે છે. એટલે મંડળીનું ભંડોળ ખેંચાઇ જાય છે.

પુનીયાવાંટ (છોટાઉદેપુર) સેવા સ.મ.લી. ના કાર્યક્ષેત્રના ઘણાં ગામો છે. કુલ ૧૮૫૩ સભાસદોમાંથી ૧૬૨૯ સભાસદો આદિવાસી છે. કુલ ૧૬ ઈલેકટ્રીક મોટરપંપ અને ૩ ઓઈલ એન્જીનનો લાભ મંડળીએ લીધો છે. પુનીયાવાંટ, પાદરવાંટ, દુમાલી, ગેકરબારા, મલાજા વગેરે ગામોના લાભાર્થિઓએ પિયત સાધનોનો લાભ લીધો છે. ૧૯૮૧માં લાભાર્થી દીઠ ૩૫૦૦ રુપિયા લોન અને ૧૭૫૦ રુપિયા સબસીડી મળી હતી. જ્યારે ઓઈલ એન્જીન માટે લાભાર્થીદીઠ ૫૦૦૦ રુપિયા લોન અને ૨૬૫૦ રુપિયા સબસીડી મળી હતી. નિયમિત હપ્તા ઉધરાવાય છે અને લોનની રકમ સમયસર ભરપાઇ થાય છે. મંડળીના કાર્યકર્તા રસ લઇ સારુ કામ કરે છે. પોતે સંત્સંગી છે, રાજકારણી પણ છે અને તે રીતે ગમે તે લાભ લેવામાં સુગમતા અનુભવે છે.

હિરપરી (જેતપુરપાવી) ગ્રુપ વિ.કા.સેવા.સ.મ.લી.ના કુલ સભાસદો ૪૩૫ છે. અને બધાજ આદિવાસી સભાસદો છે.આ મંડળી દ્વારા કુલ ૬ ઓઈલ એન્જીન અપાયા છે અને કુલ ૯ ઈલેકટ્રીક મોટરપંપ આપ્યા છે. એક વર્ષથી ઈલેકટ્રીક મોટરપંપ આપ્યા છે પણ વિજળી જોડાણ નહી મળવાથી જે તે સ્થિતિમાં લાભાર્થિઓએ મૂકી રાખેલ છે. આના કાર્યક્ષેત્રના હિરપરી, રતનપુર, વાંકોલ અને મેસરા ગામોના લાભાર્થિઓને લાભ મળ્યો છે. ઈલેકટ્રીક મોટરપંપ માટે કુલ ૮૪,૫૦૦ રુપિયા લોનની રકમ મળી છે. જ્યારે ઓઈલ એન્જીન માટે કુલ ૫૪૦૦૦ રુપિયા લોનની રકમ મળી છે. તમામ સબસીડી બાકી છે. તેથી લાભાર્થિઓ નારાજ છે. તેઓનું કહેવું છે કે વિજળી જોડાણ ત્રણ વર્ષ થયે તેથી વ્યાજબાધ પડે.

ભેસાવહી (જેતપુર પાવી) સેવા સ.મ.લી.ના કુલ સભ્યો ૨૭૩ છે. તેમાંથી માત્ર ૩ સભ્યોને ૧૯૯૦માં ઓઈલ એન્જીનનો લાભ મળ્યો છે. ભેસાવહી ગામના બે અને ઝંબાણી ગામના એક લાભાર્થિનો આમાં સમાવેશ થાય છે. કુલ લોન ૨૪૦૦૦ રુપિયા મળી છે. અને સબસીડી ૧૨૦૦૦ રુપિયા

મળી છે. કોઈએ લોન ભરી નથી. બધીજ લોનની રકમ બાકી છે. સગવડ ના હોવાને કારણે લોન ભરી શકયા નથી. મંડળીને માત્ર ૨% વહીવટી ખર્ચનો લાભ છે.

રીણધઇ (વાંસટા) સેવા સ.મ.લી.ના કુલ ૫૬૦ સભ્યો છે તેમાંથી ૪૧૪ આદિવાસી સભાસદો છે. કુલ ૧૧ ઓઈલ એન્જીન અને ૧ ઈલેકટ્રીક મોટરપંપનો લાભ આ મંડળીના સભ્યોને મળ્યો છે. ખુબ સરસ ચાલે છે. કુલ લોન ૧૨૦૪૩૩ રુપિયા અને કુલ સબસીડી ૪૧૨૨૫ રુપિયા મળી છે. કુલ લોન ૫૪૨૨૫ રુપિયા ભરપાઇ થઈ ગઇ છે. જ્યારે ૬૬૨૦૮ રુપિયા ભરપાઇ કરવાના બાકી છે. લાભાર્થીઓ સમયસર ભરપાઇ કરે છે અને સૌથી સારી કામગીરી આ મંડળીની જોવા મળી છે. તેમજ લાભ પણ યોગ્ય લીધો છે. સહાય મળી છે તે ૫૦% મળી નથી માટે અપૂરતી ગણી શકાય તેવું મંડળીનું માનવું છે. ઈલેકટ્રીક મોટરપંપના એક લાભાર્થીને સબસીડી મળી નથી. આ લાભાર્થીઓ શેરડી, શાકભાજી, તડબૂચ, પરવરના માંડવા વગેરે કરતા જોવા મળ્યા છે. એકંદરે ખેતીમાં સારી પ્રગતિ જોવા મળી છે.

કાકડવેરી (ચિખલી) વિ. ખેત સેવા સ.મ.લી.ના તમામ આદિવાસી સભ્યો છે. અને તેની સંખ્યા ૧૫૨૪ની છે. આ ગામ જવા આવવાની મુશ્કેલીક પડે તેવું છે. આખા દિવસમાં મળી માત્ર બે વખત જ ધરમપુરથી બસ જાય છે. આ ગામ ત્રણ તાલુકાઓની સરહદ પર આવેલું છે. (૧) ચિખલી (૨) ધરમપુર અને (૩) વાંસદા જેવી મુશ્કેલી ઊભી કરે તેવું ગામ છે. કુલ ૭ ઓઈલ એન્જીનનો લાભ મળ્યો છે. કાકડવેરી, જામનપાડા અને પાટી ગામોની લાભાર્થીઓને લાભ મળ્યો છે. કુલ લોન ૫૬૦૦૦ રુપિયા મળી છે અને કુલ સબસીડી ૨૨૪૩૫ રુપિયા મળી છે. ભરપાઇ થયેલ લોનની રકમ ૨૫૦૦૦ રુપિયા છે અને બાકી લોન ૩૩૫૬૫ રુપિયા લગભગ બધાજ સભ્યો લોન ભરતા નથી. આર્થિક કારણોસર ભરતા નથી તેવું મંડળી જણાવે છે. મંડળીને વહીવટી ૨% રકમનો લાભ છે. પણ વસુલાત ન આવે તે ગેરલાભ ગણી શકાય. મંડળીની મુલાકાત વખતે એક પણ કર્મચારી હાજર ન હતા. અને કલાકો સુધી બેસી રહેવું પડયું હતું, અંતે ખૂટતી માહીતી મળી શકી ન હતી.

પ્રકરણ - ૫

નિષ્કર્ષ અને સૂઝાવો

આદિવાસી વિસ્તારમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ અથવા સંબમર્શીબલપંપ યોજના માટે જે સવલત પૂરી પાડવામાં આંવે છે તેની આદિવાસી ખેડૂતો પર શી અસર થઈ, યોજનાનો કેટલો અમલ થયો, તેના અમલીકરણમાં કઈ સમસ્યાઓ છે, કેટલી જમીન પિયત થાય છે, કેવા પ્રકારના પાકોમાં પરિવર્તન આવ્યું છે, અવરોધક પરિબળો કયાં કયાં છે, તેને ટાળવાના ઉપાયો કયા છે વગેરે પ્રશ્નોના જવાબ મેળવી કાર્યક્રમો ખરેખર ઉપયોગી બનાવવા માટે રસ્તા શોધવાનો એક પ્રયત્ન અહી કર્યો છે.

પ્રસ્તુત પ્રકરણમાં શરૂઆતના પ્રકરણમાં જણાવ્યું છે તેમ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને દાંતા તાલુકાઓ, સાબરકાંઠા જિલ્લાનો ભિલોડા તાલુકો, વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને જેતપુર પાવી તાલુકાઓ અને વલસાડ જિલ્લાના વાંસદા તથા ચિખલી તાલુકાઓની કુલ ૧૩ ખેતવિષયક સેવા સહકારી મંડળીઓ અને તેના કુલ ૧૦૨ લાભાર્થીઓનો અહીં અભ્યાસ કર્યો છે. તેમાં ગરાસીયા, ભીલ, રાઠવા, ધોડિયા પટેલ, ચૌધરી અને તડવી જ્ઞાતિનો સમાવેશ થાય છે.

લાભાર્થીઓના શિક્ષણસ્તર વિષે જોઈએ તો લગભગ અડધા લાભાર્થીઓ અભણ છે. જયારે બાકીના થોડુંઘણું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધેલ છે. ઉચ્ચશિક્ષણ નહિવત પ્રમાણમાં જોવા મળે છે. બનાસકાંઠા અને વડોદરા જિલ્લાઓના લાભાર્થીઓમાં અભણનું પ્રમાણ વધારે પડતું છે.

મોટાભાગના કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. સાથે સાથે ગૌણ વ્યવસાય પણ તેઓ કરતા જોવા મળ્યા છે. ખાસ કરીને પશુપાલન, ખેતમજૂરી, છૂટકમજૂરી, નોકરી, ધંધો વગેરે. આમ આ સમાજમાં કોઈ એકજ વ્યવસાયથી પોતાનું ભરણપોષણ થઈ શકતુ નથી. તદુપરાંત ઘરના કુટુંબના સભ્યોમાંથી બીજાએ પણ કમાવવું પડતુ હોય છે. અભ્યાસના કુલ ૧૦૨ કુટુંબોનું સરેરાશ કુટુંબકદ ૬.૯૧ છે. અને કુટુંબની સરેરાશ કમાનારની સંખ્યા ૩.૫૬ની છે. એટલે કે અડધા કરતાં વધારે સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે.

કુટુંબના સભ્યોમાં શિક્ષણ જોઈએ તો કુલના ૪૩.૧૦% પુરુષો અને ૬૦.૮૮% સ્ત્રીઓ અભણ છે. બાકીના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ઠીક ઠીક છે. ટૂંકમાં અભણનું પ્રમાણ વધારે છે અને તેમાંય પુરુષો કરતાં સ્ત્રીઓમાં ખૂબજ અભણ જોવા મળે છે. જેમ જેમ દક્ષિણ દિશાએ ઉત્તરના જિલ્લાઓમાં ઉતરીએ તેમ તેમ અભણનું પ્રમાણ ઓછું થતુ જાય છે. ખાસ એ પણ જોવા મળે છે કે ઉચ્ચશિક્ષણ સુધી જનારાઓની સંખ્યાની ગતી ધીમી છે અથવા ઓછી છે.

તપાસના કુલ કુટુંબની કુટુંબદીઠ સરેરાશ જમીન ૪.૦૬ એકર છે. તેમાં સમગ્ર રીતે ૬૯.૩૭% જમીન પિયત છે અને બાકીની ૩૦.૬૩% જમીન બિનપિયત જોવા મળી છે. ટૂંકમાં આ અભ્યાસના લાભાર્થીઓ એવા પસંદ થયા છે કે જેઓએ ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ યોજનાનો લાભ મળ્યો હોય તેમ છતાં તેઓની બધીજ જમીન પિયતમાં આવતી નથી. એટલે કે બાકીની બિનપિયત જમીનમાં પાણી જઈ શકતું ન હોય, પાણી પૂરતું ન હોય, પાઈપ લાઈનની વ્યવસ્થા ન હોય વગેરે કારણો હોઈ શકે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક જોઈએ તો કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૧૨૭૦૬ રુપિયા જોવા મળી છે. વડોદરા અને સાબરકાંઠા જિલ્લાઓના કુટુંબોની આવક પ્રમાણમાં ઓછી જોવા મળી છે. જ્યારે અન્યની ઠીક ઠીક ગણી શકાય. જો કે આ અભ્યાસમાં સર્વેક્ષિત કુટુંબો એવાં છે કે તેઓ પાસે જમીન છે અને વળી પિયત સાધનોનો લાભ મળ્યો છે. આમ ખેતીમાં પિયત સુવિધા થવાથી ખેતીની આવક ઠીક ઠીક દેખાઈ આવે છે અને તે રીતે તેઓની આવકમાં વધારો નોંધાયો છે.

વપરાશીખર્ચ વિષે જોઈએ તો કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશી ખર્ચ ૯૬૬૮ રુપિયા જોવા મળે છે. મોટાભાગનું ખર્ચ ખાધાખોરાકી પાછળ જ દેખાઈ આવે છે. વલસાડ જિલ્લાના કુટુંબોમાં કપડાં-પગરખાં, શૈક્ષણિક અને મોજશોખ-મનોરંજનમાં અન્ય જિલ્લાઓ કરતાં પ્રમાણમાં વધારે ખર્ચ જોવા મળ્યું છે.

કુલ કુટુંબોના ૯૩.૧૪% કુટુંબો દેવાદાર છે અને દેવાદાર કુટુંબદીઠ દેવુ ૭૨૭૬ રુપિયા જોવા મળે છે. મોટાભાગનું એટલે કે ૯૦.૯૪% દેવું તો એવા સહકારી મંડળીઓનું જ છે. ખાસ કરીને પિયત સુવિધા વધારવા એટલે કે ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટરપંપ, અથવા સબમર્શીબલ પંપ, પાઈપ લાઈન વગેરે વસાવવા અને ખેતી માટે બીજ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે ખરીદવા સહકારી મંડળી મારફત ધીરાણ કરેલ છે. જો કે અહીં એ પણ જાણવા મળ્યું છે કે ભૂતકાળમાં ગુજરાત સરકારે દેવા નાબુદીમાં પાછળનું દેવુ માફ કરી દીધેલ હતું અને ભવિષ્યમાં પણ કદાચ દેવું માફ થાય તે ગણતરીએ સહકારી મંડળીઓમાંથી બને તેટલું વધારે દેવું કરવા પ્રેરાયા છે.

આપણો અભ્યાસ પિયત સુવિધા વિષે છે તે રીતે જોતાં પસંદ થયેલ કુટુંબો પાસે કુલ ૧૦૦ કૂવાઓ છે અને ૭ કુટુંબો પાસે કૂવાઓ નથી પણ નહેરના પાણીનો ઉપયોગ કરે છે. થોડાક કુટુંબો એક કરતાં વધારે કૂવાઓ પણ ધરાવે છે. આમાં દરેક કુટુંબ પાસે સ્વતંત્ર કૂવાઓ પણ નથી. કૂવા ધરાવવાવાળામાંથી ૨૩% લાભાર્થિઓ તો એવા છે કે પોતાનો સ્વતંત્ર કૂવો નથી પણ જે તે કૂવામાં અડધો, ત્રીજો કે ચોથો વગેરે ભાગ હોય અને પોતાના કુટુંબીજનોનો એટલે કે ભાઈઓના ભાગમાં કૂવો હોય અને તે રીતે કૂવા પર મશીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ મૂકેલી હોય. કુલ ૧૦૨ લાભાર્થિઓ પાસે મળી ૫૯ ઓઈલ એન્જીન અને ૫૦ ઈલેકટ્રીક મોટરપંપની સંખ્યા જોવા મળી છે. આમાં ૧૭ સબમર્શીબલપંપનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને બનાસકાંઠા અને વલસાડ જિલ્લાના લાભાર્થિઓમાં ઓઈલ એન્જીનનું પ્રમાણ વધારે છે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના લાભાર્થિઓમાં ઈલેકટ્રીક મોટરપંપ તેમજ સબ-મર્શીબલપંપનું પ્રમાણ સારું એવું છે. પિયતના સાધનોની સાથે ૧૧ લાભાર્થિઓ પાસે પોતાના દૂરના ખેતરોને પાણી પુરુ પાડવા માટે પાઈપલાઈન છે.

આદિજાતિ વિકાસ કોર્પોરેશને મંડળી મારફત અભ્યાસના કુલ ૧૦૨ લાભાર્થિઓમાંથી ૫૩ લાભાર્થિઓને ઓઈલ એન્જીન અને ૪૯ લાભાર્થિઓને ઈલેકટ્રીકમોટરપંપ યોજનાનો લાભ આપ્યો છે. મોટે ભાગે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓમાં વધુ હોર્સ પાવરવાળા ઓઈલ એન્જીન જોવા મળ્યાં છે. એટલે કે આ વિસ્તારના કૂવાઓ ઘણા ઊંડા હોઈ શકે જેથી વધારે હોર્સ પાવર ધરાવતાં સાધનો બરાબર પાણી ખેંચી શકે.

ખાસ ધ્યાનમાં લેવાની બાબત એ છે કે ધિરાણ ક્યારે પછી કેટલા સમયે સાધન મળ્યું છે તે જોવાનું છે. તે રીતે લગભગ ૨૦% લાભાર્થીઓને બાર માસે જે તે સાધન મળ્યાં છે. ત્યારબાદ આઠ માસે અને છ માસે બધુ મળી લગભગ ૪૦% લાભાર્થીઓનો સમાવેશ થાય છે. ટૂંકમાં આ જે થોડાઘણા લાભાર્થીઓને વધારે સમય વિત્યા બાદ જે તે સાધનો મળ્યાં છે જે વહીવટી મુશ્કેલી ગણી શકાય. ત્યારબાદ લોનની સાથે સબસીડી મળવી જોઈએ તેમાં પણ લગભગ ચોથા ભાગના લાભાર્થીઓને બીલકુલ સબસીડી મળી નથી તે હકીકત છે. સબસીડી સમયસર મળતી નથી. વ્યાજબાધ પડે છે. પાછળથી સબસીડી મળશે તેવી લાભાર્થીઓ આશા વ્યકત કરે છે.

પિયત સાધનો માટેની જે લોન મળી છે તેના હપ્તા જે તે લાભાર્થીઓએ સમયસર ભરવા જોઈએ તે ભરાતા નથી. સર્વેક્ષિત કુલ લાભાર્થીઓના ૪૬.૦૮% લાભાર્થીઓએ લોન પેટે એક પણ હપ્તાની રકમ ભરપાઇ કરી નથી. જ્યારે બાકીના લાભાર્થીઓ થોડીઘણી રકમ ભરે છે. ટૂંકમાં કુલ લોનના ૫૪.૮૦% રકમ હજુ ભરવાના બાકી નીકળે છે. આમ વસુલાત કરવાની લોનનું પ્રમાણ મોટુ કહેવાય.

સમયસર લોન ન ભરી હોય અથવા બીલકુલ લોન ન ભરી હોય તે અંગે જાણવા મળ્યું છે કે ખેત ઉત્પાદન ઓછું આવવાથી અથવા ખેતી ખર્ચ વધી જવાથી રોકડરકમ હાથ પર રહેતી નથી. વગેરે બાબતો ચર્ચા કરી છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે થોડાઘણા લાભાર્થીઓએ થોડો ખર્ચ પણ કરવો પડયો છે. કેટલાક સંલગ્ન કર્મચારીઓને અમૂક રકમ આપવી પડે છે. જેથી સબસીડીની રકમ સહેલાઈથી મળે છે. તેવું તેમનું માનવું છે. એવું પણ બને કે આવી રકમ કેટલાક મંડળીના પ્રમુખ અથવા મંત્રી અથવા કાર્યકર જે તે લાભાર્થીઓ પાસે લઈ પોતે રાખે અને લાભાર્થીઓને ગેરમાર્ગે દોરવાનું કામ કરે.

સર્વેક્ષણના ૬૧.૭૬% લાભાર્થીઓનું કહેવું છે કે પાણી પૂરતું નથી અને આનો મોટો વર્ગ એવો છે કે બે કલાક જેટલું જ ૨૪ કલાક દરમિયાન પાણી મળી રહે છે. ટૂંકમાં દિવસમાં બે કે ત્રણ વખત સાધન ચલાવવું પડે છે. અને નહિવત સમય પાણી મળે છે તે દુ:ખની વાત કહેવાય. કૂવામાં પાણી ઘટી

જાય ત્યારે મશીન બંધ કરવામાં આવે છે અને પાણીનો જથ્થો ભેગો થાય ત્યારે ફરી મશીન ચાલુ કરવામાં આવે છે અને તે રીતે પાકનો વિસ્તાર મર્યાદિત નકકી કરે છે. કેટલાક લાભાર્થીઓ અથવા ખેડૂતો ઉનાળાના પાક કરતા જ નથી. ઘણા લાભાર્થીઓએ કૂવા ઊંડા ગોડાવ્યા છે. ઘણાએ બોર બનાવડાવ્યા છે, કેટલાકે આડા બોર પણ બનાવડાવ્યા છે અને આ રીતે પાણી પૂરતુ મળી રહે તેવી વ્યવસ્થા કરી છે, સફળ પણ થયા છે.

ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ યોજનાના લાભથી નમૂનાના તમામ લાભાર્થીઓની પોતાની કુલ ૨૬૭.૩૪ એકર જમીન પિયત થઈ છે. આ સિવાય બીજાની એટલે કે લાભાર્થીઓની નહી પણ જે તે લાભાર્થીના ભાઈઓની અથવા અન્ય ખેડૂતોની જમીનમાં પાણી વેચાતુ આપીને અથવા બીજાની જમીનમાં પાકનો અમૂક ભાગ નકકી કરી વધારાની જમીનમાં પિયત કર્યુ હોય તેવા કુલ ૩૩ કિસ્સાઓ જોવા મળ્યા છે. દૂકમાં પોતાની જમીન ઉપરાંત બીજાની જમીનમાં પાણી આપ્યું હોય તેવી ૧૨૭.૨૫ એકર જમીન વધારાની પિયત કરાવી છે.

પિયત સાધનોના લાભાર્થી ૪૧.૧૪% ઉત્તરદાતાઓનું માનવું છે કે પાક ઉત્પાદન બમણું થયું છે. જ્યારે બાકીના ૫૩.૮૬% ઉત્તરદાતાઓનું માનવું છે કે પાક ઉત્પાદન થોડું વધ્યું છે. બીજી રીતે જાણવા પ્રયત્ન કર્યો છે કે ૬૧.૭૭% જવાબ વરસમાં બે પાક લે છે અને બાકીના ૩૮.૨૪% જવાબ વરસમાં ત્રણ પાક પિયત સાધનોથી લેવાય છે તેમ જણાવે છે.

આદિવાસી વિસ્તારમાં પરંપરાગત રીતે લોકો મકાઈ, ડાંગર, નાગલી, કઠોળ વગેરે ચોમાસામાં કરતા હોય છે. પણ શિયાળુ અને ઉનાળુ પાકો આ યોજનાનો લાભ મળવાથી કરતા થયા છે. કેટલાક લાભાર્થીઓએ એક કરતાં વધારે પાકોના નામ નોંધાવ્યા છે અને તે રીતે ઉનાળુ મકાઈ, ઘઉં, રાયડો, બાજરી, મગફળી, ઉનાળુ ડાંગર, અડદ, ઉનાળુમગ, જીરુ-વલીયારી, ચણા, શાકભાજી, ધાસ, (વલસાડ જિલ્લામાં) શેરડી, કેળ વગેરે તથા પાકો પોતપોતાના પ્રદેશ પ્રમાણે જોવા મળે છે. ઉપરાંત ફળાઉ વૃક્ષો, કલમી આંબા, ચીકુ, સીતાફળ, અને નિલગીરી જેવા વૃક્ષોનું પ્લાન્ટેશન પણ જોવા મળે છે.

જે વિસ્તારમાં અથવા જેઓને પાણી પૂરતુ છે તેઓને માટે ઈલેકટ્રીક મોટરપંપ ફાયદા કારક છે. કારણકે મહત્તમ ઉપયોગ કરી વર્ષો નકકી કરેલ હોર્સ પાવરદીઠ વિજળીબીલની રકમ ભરવાની છે. પણ જેઓને પૂરતું પાણી નથી અને માત્ર નહીવત કલાકો પાણી ખેંચાતુ હોય તો વિજળીબીલ કરતાં ઓછો લાભ મળે છે. જયાં વિજળી જોડાણ મળ્યાં નથી તેવા સ્થળોએ ઓઈલ એન્જીન વધુ અનુકૂળ આવે છે. પણ તેના બળતણ માટે કેટલાક ઠેકાણે ડિઝલ અથવા ઓઈલ લેવા ઘણે દૂર જવું પડે છે. ક્યારેક સ્થાનિક વેપારી પાસેથી વધારે રકમ આપી પણ ખરીદવું પડે છે. આવી પરિસ્થિતિવાળા ઉંડાણનાં ગામોમાં મંડળીને ડિઝલ વેચવાનો પરવાનો આપી સમસ્યા હલ થઈ શકે તેમ છે. ક્યારેક લાભાર્થીઓ ડિઝલ ના મળે ત્યારે કેરોસીનનો ઉપયોગ કરી પોતાનું કામ પુરુ કરે છે. જોકે ડિઝલ કરતાં કેરોસીન ખૂબજ ઓછા ભાવે અને સરળતાથી મળી રહે છે માટે કેરોસીનનો ઉપયોગ થાય છે અને જે તે મશીનને ખરાબ બનાવવા પ્રયત્ન થાય છે.

(૧) આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ખેત વિષયક સેવા સહકારી મંડળીના સભાસદોને ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરપંપ યોજનાનો લાભ મળે છે તે સારુ છે પણ હજુ તેનું કાર્યક્ષેત્ર વધારવું જોઈએ. એટલે કે આ વિસ્તારમાં આવતી બીજી મંડળીઓને આવરી લેવી જોઈએ અને સતત લાભાર્થીઓની સંખ્યા વધતી જાય તેવું ગોઠવવું જોઈએ. એક એકર જમીન પિયત કરી શકે તેવા ખેડૂતોને પણ આવરી લેવા જોઈએ. ગરીબી નિવારવા માટે આ એક અગત્યનું અને જરૂરી પગલું લાગે છે.

(૨) આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જે તે સાધનો માટે લોનની રકમ મળે છે તેની સાથે સબસીડીની રકમ તેજ સમયે મળે તેવું ગોઠવવું જોઈએ. એટલે કે સબસીડીની રકમ ઘણા સમય પછી અને કેટલાક કિસ્સાઓમાં મળી પણ નથી. ટૂંકમાં વહિવટી મુશ્કેલી હોવાથી આમ બની શકે. આમાં ઘણા લોકોના મનમાં એવું થઈ ગયું છે કે સબસીડી મેળવવા માટે અમુક રકમ ખર્ચ કરવો પડે તોજ આ સબસીડી મળે અને

સમયસર મળે. આ માટે આ યોજનાના તમામ સંલગ્ન કર્મચારીઓએ રસ લઈ સમયસર પૂરી સબસીડી મળે તેવા પ્રયાસ કરે. ખૂટતા સામાન્ય પૂરાવા કદાચ ના હોય તો મેળવવાની શરતે પણ લોનની સાથે સબસીડી કપાત થાય તેવું ગોઠવવું જોઈએ. અથવા ખૂટતી વિગતો કર્મચારીઓએ જાતે જે તે સ્થાથી મેળવી લેવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) આદિવાસી વિસ્તાર પૂર્વ પટ્ટીએ આવેલો છે. લગભગ ડુંગરાળ અને પથ્થરવાળી જમીનવાળો આ પ્રદેશ છે. આગળ આપણે જોયું કે કેટલાક કૂવાઓમાં પાણી અમુક સમયે સૂકાઇ જાય છે. અથવા પાણીનો જથ્થો ઓછો થઈ જાય છે. આ અંગે કૂવા ઊંડા કરવા અથવા ગાળવા પડે તેવી પરિસ્થિતિ છે. અથવા કૂવામાં બોર કરવા જોઈએ તેમા આડા બોર પણ કરી શકાય તેવી પરિસ્થિતિ છે. આ અંગે કેટલાકની માગણી પણ છે અને આવા અનુભવો કયાં છે તેઓ ઉતિર્ણ પણ થયા છે. ટૂંકમાં મશીન આપ્યા પછી જરૂરી કૂવો ઊંડો કરવા અથવા બોર બનાવવા માંટે લોન કે સબસીડી મળે તોજ યોગ્ય લાગે છે.

(૪) વરસાદનું પાણી કૂવામાં ઉતારવું (કૂવા રીચાર્જીગ કરવા) આદિવાસી વિસ્તારમાં બધે જ કૂવા રીચાર્જીગ કરવા શકય નથી. પણ કેટલાક વિસ્તારો સપાટ છે અથવા જયાં મોટો વિસ્તાર સમતળ છે તેવા વિસ્તારમાં આ પ્રયોગ ~~સફળ~~ થઈ શકે છે. વરસાદનું મોટાભાગનું પાણી વોંકળા અને નદીઓ દ્વારા સમુહમાં વહી જાય અને બિનઉપયોગી બને છે. તેથી જો આ પાણીને સામુહિક રીતે કૂવામાં ઉતારવામાં આવે તો તળ સાચવાં બને છે અને જરૂર પડયે ચોમાસુ પાક અને શિયાળુ તેમજ ઉનાળુ પાક માટે આ રીતે કૂવામાં ઉતારેલા પાણીનો ઉપયોગ કરી શકાય. આ પધ્ધતિમાં કોઈ ~~મોટા~~ વધારે મોટા ખર્ચની જરૂરિયાત રહેતી નથી. પરંતુ વધારે વૈજ્ઞાનિક રીતે તેનો ઉપયોગ કરવામાં આવે તો જળ સંચયની, આ કૂવા રીચાર્જ પધ્ધતિ ઘણી અનુકૂળ પડે. ઘણા ખેડૂતો ખેતરનું વહી જતું પાણી કૂવાની બાજુમાં નહેર બનાવી પાણીને કૂવામાં સીધું નાખે છે. આવું થવાથી ખેતરમાંનો કચરો અને માટી પણ કૂવામાં જાય. જે લાંબા ગાળે કૂવાના પાણીના

ઝમણ છિદ્રોને બંધ કરી દે તેના બદલે કૂવાની બાજુમાં ઉપરનો વિસ્તાર કેટલો છે તેને લક્ષમાં લઈ ૧ મી.× ૧ મી.× ૧ મી. અથવા ૧.૫ મી. × ૧.૫ મી. × ૧.૫ મી. ની પાકી કૂંડીઓ બનાવી તેના તળીયાથી ૦.૬૦ મી. , ૧.૦ મી. અનુક્રમે ઊંચાઈથી પાઈપ દ્વારા ૩૦ સે.મી. થી ૪૫ સે.મી. સુધીના વ્યાસવાળા સીમેન્ટના પાઈપ દ્વારા પાણી કૂવામાં ઉતારે, તો તેનાથી કચરો અને ચોક્કસ પ્રમાણમાં માટી કૂવામાં ઓછી ઉતરે, શક્ય હોય તો કૂંડીમાં પાણી એકજ તરફથી દાખલ થાય અને તેની આજુબાજુ પથ્થરો મૂકી અથવા જાળી મૂકી ખેતરોની ઘાસચારા વગેરેની કચરો રોકાઈને સ્વચ્છ પાણી કૂંડીમાં પડે તેવા પ્રયત્નો કરવા જોઈએ. કૂંડી અને પાઈપની સાઈઝ કેટલા વિસ્તારમાંથી પાણી આવે છે, કૂવાની ઊંડાઈ, પહોળાઈ તથા કૂવાના ભૂસ્તર પ્રતની જાત ઉપર આધાર રાખે છે. આ પધ્ધતિમાં કૂંડી માં જો એકઠી થયેલો માટી, કચરો ચોમાસુ પૂર્ણ થતાં કાઢી લેવો જોઈએ. આ ઉપરાંત કૂંડીમાં પાઈપ દ્વારા જે પાણી કૂવામાં પડે ત્યાં આગળ જાળી મૂકી શકાય. સ્વચ્છ પાણી કૂવામાં પડે તેવા પ્રયત્નો કરવા જોઈએ. આમ છતાં વરસાદની સીઝનમાં કૂવામાં જે પાણી એકઠું થયું હશે, તેમાં માટી તળિયે બેસી જશે. જે દર વરસે અથવા યોગ્ય સમયાંતરે માટી/ગાળ કાઢવાની ચોક્કસાઈ રાખવી પડશે. નહીંતર કૂવાની ક્ષમતા ઘટશે. આ ઉપરાંત પાણીની સાથે માટીનાં કણો ભૂસ્તરની તીરાડોમાં જવાની શક્યતાઓ રહેશે અને તેના લીધે તે નાની નાની તીરાડોને બંધ કરી દે તેવી બીક રહે છે. પરંતુ આખાયે વિસ્તારમાં આવા કૂવાઓ રીચાર્જ થયા હશે તો પાણીના સ્તર ઊંચા આવતાં જ્યારે પાણી પાછું ખેંચાય તેની સાથે કૂવા તરફ વળતાં પાણીના પ્રવાહ સાથે આવા નાના કણો પરત આવવાની શક્યતાઓ છે. આમ છતાં હજુ આ અંગે વધારે અનુભવોની જરૂરિયાત રહેશે. આવા કૂવા રીચાર્જની જળ સંચય પધ્ધતિ ખેડૂત પોતે ઓછા ખર્ચે કરી શકે તેમ છે.

(૫) આદિવાસી વિસ્તાર ડોંગરો અને નદીનાળાઓ સાથે જોડાયેલ છે. કેટલાક વિસ્તારોમાં કાયમી પાણી વહેતા હોય છે. અથવા સ્ટોરેજ રહે છે. આવા વિસ્તારનાની આજુબાજુની જમીન પિયત થઈ શકે તેમ છે

અને હમણાં હમણાં લીફટ ઈરિગેશનનું પ્રમાણ ખૂબ વધેલું જોઈ શકાય છે અને તેના પરિણામ પણ ખૂબ સારા જોવા મળે છે. આવા ખેડૂતોને પણ પાણી મળી રહે અને પિયત કરી શકે તે માટે કોર્પોરેશન દ્વારા યોગ્ય મદદ કરવી જોઈએ. અથવા મંડળીમાં બે ત્રણ ઓઈલ એન્જીન રાખી ખેડૂતોને ભાડા પટ્ટે પણ આપી શકાય.

(૬) ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા વિજળી જોડાણમાં ખૂબજ વિલંબ કરે છે. એકબાજુ શહેરોમાં વહેપારીઓ, દુકાનદારો, બિલ્ડરો વગેરે જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં વિજળી વાપરે છે. દા.ત. બિલ્ડરો જે તે મકાનો રાત્રે સુંદર રીતે લોકો જોઈ શકે તે રીતે ફોક્સો અથવા મકુરી લેમ્પથી સજાવે છે. દુકાનદારો પોતાના નામના રાત્રે દુકાનો બંધ હોય ત્યારે પણ મોટા અને અનેક બોર્ડમાં વિજળીનો મોટો જથ્થો વાપરે છે. દિવસે શો રૂમોમાં પણ અસંખ્ય લેમ્પનો ઉપયોગ કરી વિજપ્રવાહનો દૂરઉપયોગ થાય છે. વગેરે આ બધું વિચારવું જોઈએ. પછાત અને ગરીબવર્ગને ઉપર લાવવો હશે તો વિજળી જોડાણમાં પણ તેને અગ્રીમતા આપવી જોઈએ. ટૂંકમાં આપણે જાણીએ છીએ કે વિજ પ્રવાહો ઓછો છે તેમ છતાં કેટલીક બિનઉપયોગી વિજળી વપરાય છે તેમાં કરકસર કરાવીને પણ આ ગરીબ ખેડૂતોને વધારે વિજળી આપી શકાય.

(૭) ખેતવિષયક સેવા સહકારી મંડળીઓ મારફત જે તે લાભાર્થીઓને આ સાધનો માટે લોન અપાઈ છે. આ લોનની રકમના હપ્તા કેટલાક સમયસર ભરતા નથી અને કેટલાક તો બીલકુલ રકમ ભરતા નથી. તો આ બધું મંડળીઓએ વસુલાત માટે પટાવાળા દ્વારા નહી પણ પ્રમુખશ્રી/મંત્રીશ્રીએ જે તે લાભાર્થીને ઘરે જઈ વારંવાર ઉઘરાણી કરવી જોઈએ. જેવી રીતે આદિજાતિ વિકાસ કોર્પોરેશનના કર્મચારીઓ તેના નિયત સમયે જે તે સ્થળે મંડળીઓમાં જઈ ઓછી રકમ હોય તો ઓછીનો ચેડવા-સ ચેક લઈ જાય છે તેવી રીતે લાભાર્થીઓ પાસે પણ જેટલી રકમ હોય તેટલી વારંવાર લીધા વગર આવવું નહી. બેંક મારફત અપાતી લોનમાં પણ બેંકના અધિકારીઓ મીનીમમ રકમ

વગર આવતા નથી. ટૂંકમાં દર છ માસે નહી પણ પાકની અનુકૂળતા પ્રમાણે ઉધરાણી કરવી જોઈએ. લાભાર્થીઓ સામેથી લોન ભરવા ખાસ આવશે નહી. બીલકુલ લોન ન ભરનારને વસ્તુની જપ્તી અવશ્ય કરવી જોઈએ. આમ મંડળી જેટલી સક્રીય તેટલી સરસ ચાલશે, બીજી યોજનાઓને ખેંચી લાવશે, સબસીડી મેળવવામાં સરળતા અનુભવશે વગેરે.

(૮) કેટલીક ઊંડાણની સેવા સહકારી મંડળીઓ છે અને તેઓએ ડીઝલ વેચવા માટે વારંવાર રજુઆત કરી છે. આમ છતાં તેઓને ડીઝલ એજેનો પરવાનો મળી શકયો નથી. તો આવા કિસ્સાને વિના વિલંબે પરવાનો આપવો જોઈએ. મોટાભાગની સેવા સહકારી મંડળીઓ કેરોસીન વેચી શકે છે તેા ખરેખર જે તે લાભાર્થીઓ માટે આ એક સેવાનું કામ છે અને ડીઝલની વધારે રકમ આપ્યા સિવાય થઈ શકે તેમ છે.

(૯) <u>ખેડૂતોએ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની કેટલીક રીતો</u> :

- <u>સુધારેલી પિયત પધ્ધતિનો ઉપયોગ</u> :

  સુધારેલ પિયત પધ્ધતિમાં ટપક સિંચાઈ પધ્ધતિ ખૂબજ ઉપયોગી અને ફાયદા કારક છે. પાકના પ્રકાર પ્રમાણે ૩ થી ૧૦ ગણો, વિસ્તાર વધારે પિયત થઈ શકે છે. બાગાયતી પાકોમાં ખાસ ઉપયોગી છે. આ પધ્ધતિથી પિયત સાથે દ્રાવ્ય રાસાયણિક ખાતરો આપી શકાય છે. નીંદણ ઓછુ થાય છે. પાળિયા બનાવવાનો ખર્ચ બચે છે અને નીંદણ મજૂરી ખર્ચ ઘટે છે. આ પધ્ધતિ ઉપરાંત ફૂવારા સિંચાઈ પધ્ધતિ પણ મગફળી જેવા પાકો માટે ખાસ ઉપયોગી છે. જેના ધ્વારા ૨ થી ૩ ગણા વિસ્તારમાં પિયત થઈ શકે છે.

- <u>એકાંતરે ચાસમાં પિયત</u> :

  કપાસ અને શેરડી જેવા પાકોમાં એક પાટલું મૂકી એકાંતરે પિયત આપવાથી પણ પાણીનો બચાવ થાય છે અને પાકને જરૂરી પાણી મળી રહે છે.

- પિયત માટે પાઇપ લાઇનનો ઉપયોગ :

સામાન્ય સંજોગોમાં ખેડૂતો પિયત માટે કાચાં ઢાળિયાં બનાવે છે. જેથી કૂવાથી ખેતરમાં વાવેલા પાક સુધી પહોંચતાં પુષ્કળ પાણીનો બગાડ થાય છે. ભૌગોલિક રીતે આ દિવાસી વિસ્તાર ડુંગરો, ખીણો અને પથરાળ છે. આવા સમતળ વિનાના વિસ્તારમાં પિયત માટે ખેતરમાં વ્યવસ્થિત આયોજન કરી સિમેન્ટની કે પીવીસી પાઇપલાઇન અને કૂંડીઓ અથવા હવા નિકાવાની વ્યવસ્થા (એરવાલ) બનાવી પિયત કરવાથી પાણીનો બચાવ થાય છે.

- પિયત માટેનું જ્ઞાન :

ખેડૂતોને જે તે પાક માટે પિયત અંગેનું જ્ઞાન આવશ્યક છે. દા.ત. ઘઉંના પાકમાં કોરામાં વાવેતર કરી પિયત આપવું અને ત્યારબાદ પાકની કોઠટી અવસ્થાઓ જેવીકે મુકુટમૂળ અવસ્થા (વાવેતર બાદ ૨૧ દિવસે), ફૂટ થવી, ઘઉંની દાંડી આવવી, ઘઉં ગાભે આવવા, ઘઉંની કૂંડીમાં દૂધિયા દાણા ભરાયા વગેરે તબકકાએ પાણી અચૂક આપવું જોઇએ. જો તે સમયે પિયત ન મળે તો નોંધપાત્ર ઉત્પાદન ઘટે છે.

- પિયત સાધનો અંગેનું જ્ઞાન :

પિયત સાધનો કેવી રીતે વાપરવાં જોઇએ, બગડે તો રીપેર કરતાં આવડવું જોઇએ, બાતણમાં ડિઝલના બદલે કેરોસીન નહી વાપરવું, વિજળીવાળા સાધનો ઓછા દબાણવાળા પાવર વખતે ના વાપરવાં, સમયસર ઓઇલનો ઉપયોગ થવો જોઇએ વગેરે જ્ઞાન હોવું જરૂરી છે. આ અંગેની તાલીમ પણ ગોઠવવી જોઇએ.

ટૂંકમાં ઉપરોકત પાણીના અને કાર્યક્ષમ ઉપયોગથી દરેક પાકનો પિયત વિસ્તાર વધે છે. ઉત્પાદન વધુ મળે છે. અને જમીનની પ્રત પણ સુધારી શકાય છે.